MANOGAT • Year-40 • Issue-2 • 25 April 2021 • Chaitra Sud 13, Samva 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત

योग: कर्मसु कौशलम् ।



## ત્યાજ્યમ્ ન ધૈર્યમ્ વિધુરેપી કાલે

### કપરામાં કપરા કાળમાં આપણે ધૈર્ય ગુમાવવું જોઈએ નહીં

**આ મંત્રને ધ્યાને રાખીને આજે દેશ દિવસ-રાત કામ કરી રહ્યો છે**

## પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલના નેતૃત્વમાં રાજ્યભરમાં ભાજપ દ્વારા યોજાયેલ સેવાયજ્ઞની તસવીરો



















Year : 40, Issue : 2, Pages : 28

## તંત્રીસ્થાનેથી

# કોરોનાની સુનામીની સામે સત્તાપક્ષ, વિપક્ષ, સરકારી તંત્ર, મીડિયા, ન્યાયતંત્ર અને સમગ્ર સમાજે એક થઈને લડવું એ સમયની માંગ છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણે સૌ અનુભવી રહ્યા છીએ તેમ સમગ્ર વિશ્વની સાથે આપણો સમગ્ર દેશ કોરોનાની કપરી મહામારીમાંથી પસાર થઈ રહ્યો છે. આ તબક્કે

(૧) આ એક મહામારી છે. આપદા છે.

(૨) કોરોના ગત વર્ષે આપણા દેશમાં આવ્યો ત્યારે આ રોગના ટેસ્ટિંગની એક પણ લેબોરેટરી આપણા દેશમાં નહોતી જ્યારે આજે દેશભરમાં ૩૦૦૦ લેબોરેટરીઓ ઊભી થઈ ગઈ છે. ૬ લાખ ઉપરાંત વેન્ટિલેટરો અત્યારે કાર્યરત છે. પ્રત્યેક દિવસે ૨ લાખ ઉપરાંત રેમડેસિવિર સપ્લાય થઈ રહ્યાં છે. ૧૬૨ ઓક્સિજન પ્લાન્ટ ઇન્સ્ટોલ થઈ રહ્યા છે. કરોડો માસ્કની વહેંચણી થઈ છે. કરોડો પીપીઈ કીટનું ઉત્પાદન થયું છે. સરકારી અને પ્રાઇવેટ હજારો હોસ્પિટલો કોવિડ ટ્રિટમેન્ટ કરી રહી છે. લાખો ડૉક્ટર્સ અને પેરામેડિકલ સ્ટાફ દિવસ-રાત ખડે પગે દર્દીઓને સાજા કરવા જીવના જોખમે કામ કરી રહ્યા છે. ભાજપ, સંઘ, ધાર્મિક સંસ્થાઓ વગેરેના સેવાભાવિકો ક્વોરન્ટાઇન અને કોરોનાગ્રસ્તોની સેવા કરવાના માનવતાના યજ્ઞમાં તન, મન અને ધનથી આહુતિ આપી રહ્યા છે.

(૩) મિત્રો, આપદા અકલ્પનીય છે. વિજ્ઞાન પણ સમજી ન શકે તેવી છે. ભારત જેવા વિશાળ વસ્તીવાળા દેશમાં પોઝિટિવ થઈ રહેલા દર્દીઓની સંખ્યામાં થઈ રહેલો વધારો દુઃખ અને ચિંતા ઊભી કરનારો ચોક્કસ છે. સરકારી તંત્ર - ડૉક્ટર્સ - સ્ટાફ સતત પ્રયત્નમાં છે, પરંતુ આ સુનામીને જવાબ આપવા એકલી સરકાર કે તંત્રનું સક્ષમ હોવું સ્વાભાવિકપણે જ શક્ય નથી. ઓછા વસ્તીવાળા વિકસિત દેશોની હાલત પણ આપણે સૌએ જોઈ છે ત્યારે ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશમાં આ આપદા સામે લડવા સમગ્ર સમાજે એક થઈને લડવું અનિવાર્ય જ છે.

(૪) સત્તાપક્ષ, વિપક્ષ, સરકારી તંત્ર, મીડિયા, ન્યાયતંત્ર અને સમગ્ર સમાજ જો સાથે મળીને હકારાત્મકપણે સાચી દિશામાં આગળ વધશે તો આપણે ઓછા નુકસાને આ આપદા સામે ટકી જઈશું. એકબીજાના દોષારોપણમાં જ રહીશું તો છેલ્લે નુકસાન આપણા સૌનું જ છે.

(૫) જેનાથી જે કંઈ પણ સારું થઈ શકે તે કરવું તે સમયની માંગ છે. જે વાત દર્દીને દવાખાને લઈ જતો રિક્ષાવાળો સમજી શકે છે, લીલાં નારિયેળ વેચવાવાળો આપણને સમજાવી શકે છે કે - જરૂર હોય તો જ લઈ જજો. મને અત્યારે નારિયેળ વેચાય એમાં રસ નથી - જરૂરિયાતમંદ સુધી પહોંચે તેમાં રસ છે - આટલો વિચાર તમામ બાબતોમાં તમામે કરવાનો છે.

(૬) આપદા અભૂતપૂર્વ છે. કલ્પના બહારની છે. ત્યારે ભવિષ્યની પેઢી - માત્ર વિરોધ કરવાની મૂર્ખતા કે દોષારોપણની બાલિશતાથી નહીં પરંતુ સૌના પ્રયાસ અને સહકારથી ધૈર્ય અને મજબૂતાઈથી સફળ સામનો કરનારા તરીકે આપણને સૌને ઓળખે તે જરૂરી છે.


વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## પહેલી મેથી દેશમાં ૧૮ વર્ષથી વધુ વયના તમામને વેક્સિન આપવામાં આવશે



# આપણા તમામનો પ્રયાસ જીવન બચાવવા માટે છે


**છેલ્લા કેટલાક દિવસમાં જે નિર્ણય લેવાયા છે, જે પગલાં લેવામાં આવ્યાં છે તે નિર્ણયો પરિસ્થિતિમાં ઝડપથી સુધારો લાવશે**

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર.

કોરોના સામે દેશ આજે ફરીથી મોટી લડત આપી રહ્યો છે. થોડા સપ્તાહ અગાઉ પરિસ્થિતિ અંકુશમાં હતી અને ત્યાં તો કોરોનાનો આ બીજો તબક્કો તોફાન બનીને આવી ગયો. જે પીડા તમે સહન કરી છે, જે તકલીફ તમે ભોગવી રહ્યા છો તેનો મને સંપૂર્ણપણે અહેસાસ છે. જે લોકોએ તાજેતરના ગાળામાં પોતાના સ્વજનો ગુમાવ્યા છે, હું તમામ દેશવાસીઓ તરફથી તેમના પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. પરિવારના એક સદસ્ય તરીકે તમારા આ દુઃખમાં હું પણ સામેલ છું. પડકાર મોટો છે પરંતુ આપણે સાથી મળીને આપણા સંકલ્પ, આપણા મનોબળ અને તૈયારી સાથે તેમાંથી પાર ઊતરવાનું છે.

મારી વાતને વિસ્તૃત રીતે રજૂ કરતા પહેલાં હું દેશના તમામ તબીબો, મેડિકલ કર્મચારીઓ, પેરામેડિકલ કર્મચારીઓ, આપણા તમામ સફાઈ કામદાર ભાઈબહેનો, આપણા એમ્બ્યુલન્સ ડ્રાઈવર, આપણા સુરક્ષાકર્મીઓ, પોલીસકર્મીઓ તમામની પ્રશંસા કરું છું. તમે તમામે કોરોનાના પહેલા તબક્કામાં પણ તમારો જીવ દાવ પર લગાવીને લોકોને બચાવ્યા હતા. આજે તમે ફરીથી તમારા પરિવાર, તમારું સુખ, તમારી ચિંતાઓ તમામને કોરાણે મૂકીને અન્યના જીવન બચાવવા માટે રાત-દિવસ કાર્યરત છો.

આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે ત્યાજ્યમ્ ન ધૈર્યમ્, વિધુરેપી કાલે. એટલે કે કપરામાં કપરા કાળમાં આપણે ધૈર્ય ગુમાવવું જોઈએ નહીં. કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે આપણે યોગ્ય નિર્ણય લઈએ, યોગ્ય દિશામાં પ્રયાસ કરીએ, તો જ આપણે વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. આ જ મંત્રને સામે રાખીને આજે દેશ દિવસ-રાત કામ કરી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસમાં જે નિર્ણય લેવાયા છે, જે પગલાં લેવામાં આવ્યાં છે તે નિર્ણયો પરિસ્થિતિમાં ઝડપથી સુધારો લાવશે. આ વખતે કોરોનાના સંકટમાં દેશના અનેક ભાગોમાં ઓક્સિજનની માંગ ખૂબ વધી ગઈ છે. આ મામલે ઝડપથી અને સંપૂર્ણ સંવેદનશીલતા સાથે કામ થઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, ખાનગી ક્ષેત્રો તમામનો સંપૂર્ણ પ્રયાસ છે કે તમામ જરૂરિયાતમંદ લોકોને ઓક્સિજન મળી રહે. ઓક્સિજનનું ઉત્પાદન અને પુરવઠો વધારવા માટે ઘણા સ્તર પર



પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજયમાં નવા ઓક્સિજન પ્લાન્ટ હોય, એક લાખ નવા સિલિન્ડર પહોંચાડવાનાં હોય, ઓદ્યોગિક એકમોમાં વપરાતા ઓક્સિજનનો મેડિકલમાં ઉપયોગ થાય, ઓક્સિજન રેલવે હોય, આ તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ વખતે કોરોનાના કેસ જેવા વધ્યા તે સાથે જ દેશનાં ફાર્મા ક્ષેત્રોએ દવાઓનું ઉત્પાદન વધારી દીધું છે. જાન્યુઆરી-ફેબ્રુઆરીની સરખામણીએ આજે દેશમાં વધારે ગણી દવાઓનું ઉત્પાદન થઈ રહ્યું છે. તેની ઝડપમાં હજી પણ વધારો થઈ રહ્યો છે. દેશની ફાર્મા કંપનીના વડાઓ, નિષ્ણાતો સાથે કાલે જ મારી લાંબી મંત્રણા થઈ હતી. ઉત્પાદન વધારવા માટે તમામ પ્રકારે દવાની કંપનીઓની મદદ લેવામાં આવી રહી છે. આપણે નસીબદાર છીએ કે આપણા દેશમાં એટલું મજબૂત ફાર્મા ક્ષેત્ર છે જે ઘણી સારી ગુણવત્તાસભર અને ઝડપથી દવાઓ બનાવે છે. આ સાથે હોસ્પિટલમાં પથારીની સંખ્યામાં વધારા અંગે પણ ઝડપથી કામગીરી હાથ ધરાઈ છે. કેટલાંક શહેરોમાં વધારે માંગને ધ્યાનમાં રાખીને વિશેષ અને વિશાળ કોવિડ હોસ્પિટલ બનાવવામાં આવી રહી છે.

ગયા વર્ષે દેશમાં કોરોનાના થોડા દર્દીઓ આવ્યા હતા તે જ વખતે ભારતમાં કોરોના વાઈરસ સામે અકસીર વેક્સિન બનાવવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આપણા વૈજ્ઞાનિકોએ દિવસ-રાત એક કરીને ઘણા ઓછા સમયમાં દેશવાસીઓ માટે વેક્સિન બનાવી છે.

**ભારત સરકાર દ્વારા મે અને જૂન ૨૦૨૧માં પીએમ ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૮૦ કરોડ લાભાર્થીઓને નિઃશુલ્ક અનાજ આપવામાં આવશે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્ત્વપૂર્ણ નિર્ણયને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલે આવકાર્યો**



મે અને જૂન ૨૦૨૧ના મહિનામાં ગરીબોને ૫ કિલો નિઃશુલ્ક અનાજ આપવામાં આવશે આશરે. ૮૦ કરોડ લાભાર્થીઓને મફત અનાજ મળશે . ગરીબો પ્રત્યે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રતિબદ્ધતાને અનુલક્ષીને, ભારત સરકારે ગત વર્ષની વડા પ્રધાન ગરીબ કલ્યાણ યોજના મુજબ આ વખતે ૮૦ કરોડ લાભાર્થીઓને મફત અનાજ આપવાનું નક્કી કર્યું છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાર મૂક્યો હતો કે દેશ કોરોના વાઈરસની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે ત્યારે દેશના ગરીબોને રાહત આપવી મહત્ત્વપૂર્ણ છે. ભારત સરકાર આ પહેલ માટે ૨૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરશે. ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલે આ નિર્ણયને આવકાર્યો હતો અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયને પ્રજાલક્ષી અભિગમ ગણાવ્યો હતો. આ નિર્ણયથી દેશના ૮૦ કરોડ લોકોને રાહત મળશે.

આજે દુનિયાની સૌથી સસ્તી વેક્સિન ભારતમાં છે. ભારતની કોલ્ડ ચેન વ્યવસ્થાને અનુકૂળ વેક્સિન આપણી પાસે છે. આ પ્રયાસમાં આપણાં ખાનગી ક્ષેત્રોએ સંશોધન અને એન્ટરપ્રાઈસની ભાવનાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. વેક્સિનને મંજૂરી અને નિયમનની પ્રક્રિયાને ફાસ્ટ ટ્રેક પર રાખવાની સાથે, તમામ સાયન્ટિફિક અને નિયમનકારી મદદને પણ વધારવામાં આવી છે. આ એક ટીમ પ્રયાસ છે જેને કારણે ભારતે બે સ્વદેશી (ભારતમાં જ બનેલી) વેક્સિન સાથે વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનનો પ્રારંભ કર્યો છે. રસીકરણના પ્રથમ તબક્કાથી જ ઝડપની સાથે એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો કે વધુ ને વધુ ક્ષેત્રો સુધી, જરૂરતમંદો સુધી વેક્સિન પહોંચે. દુનિયામાં સૌથી ઝડપથી ભારતમાં પહેલા ૧૦ કરોડ, પછી ૧૧ કરોડ અને હવે ૧૨ કરોડ નાગરિકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આજે કોરોના સામેની આ લડતમાં આપણને પ્રોત્સાહન મળે છે કે આપણા આરોગ્ય કર્મચારીઓ, કોરોના વોરિયર્સ અને વયસ્ક નાગરિકોના એક મોટા હિસ્સાને વેક્સિનનો લાભ મળી ચૂક્યો છે.

હજી કાલે જ વેક્સિનેશનને લઈને અમે વધુ એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. પહેલી મેથી દેશમાં ૧૮ વર્ષથી વધુ વયના તમામને વેક્સિન આપવામાં આવશે. હવે ભારતમાં જે




વેક્સિન બનશે તેનો અડધો હિસ્સો સીધો જ રાજ્યો અને હોસ્પિટલને મળશે. આ દરમિયાન ગરીબો, વૃદ્ધો, નીચલા સ્તરના લોકો, નીચલા મધ્યમવર્ગના લોકો અને ૪૫ વર્ષની વયથી ઉપરના લોકો માટે કેન્દ્ર સરકાર દ્વારા જે રસીકરણ અભિયાન ચલાવાઈ રહ્યું છે તે પણ એટલી જ ઝડપથી જારી રહેશે. અગાઉની માફક જ સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે વેક્સિન મળતી રહેશે. મેં કહ્યું તેમ તેનો લાભ આપણા ગરીબ પરિવાર, નીચલો વર્ગ, નીચલો મધ્યમવર્ગના પરિવારના સદસ્યો લઈ શકશે.

આપણા તમામનો પ્રયાસ જીવન બચાવવા માટે છે અને જીવન બચાવવા માટે તો છે જ પણ પ્રયાસ એ પણ રહેશે કે આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારી પર ઓછામાં ઓછી અસર પડે. પ્રયાસનો માર્ગ આ જ રહે. ૧૮ વર્ષથી વધુ વયના લોકો માટે વેક્સિનેશનનો પ્રારંભ કરવાથી શહેરોમાં જે આપણો વર્કફોર્સ છે તેમને ઝડપથી વેક્સિન પ્રાપ્ત થશે. રાજ્યો અને કેન્દ્ર સરકારના પ્રયાસોથી શ્રમિકોને પણ ઝડપથી વેક્સિન મળવા લાગશે. રાજ્યશાસનને મારો અનુરોધ છે કે તેઓ શ્રમિકોમાં વિશ્વાસ ટકાવી રાખે અને તેમને આગ્રહ કરે કે તેઓ જ્યાં છે ત્યાં જ રહે. રાજ્ય દ્વારા આપવામાં આવેલી આ ખાતરી તેમને ઘણી મદદ કરશે કે તેઓ જે શહેરમાં છે ત્યાં જ તેમને ટૂંક સમયમાં વેક્સિન મળશે અને તેમનું કામકાજ બંધ થશે નહીં.

ગઈ વખતે જે પરિસ્થિતિ હતી તે અત્યાર કરતાં ઘણી અલગ હતી. એ વખતે આપણી પાસે આ વૈશ્વિક મહામારીનો સામનો કરવા માટે ખાસ કોરોનાને લગતું તબીબી માળખું ન હતું. તમે યાદ કરો, દેશની શું સ્થિતિ હતી. કોરોનાના પરીક્ષણ માટે દેશમાં પર્યાપ્ત સંખ્યામાં લેબોરેટરી ન હતી. પીપીઈ કીટનું કોઈ ઉત્પાદન ન હતું. આપણી પાસે આ બીમારીની સારવાર માટેની કોઈ ખાસ જાણકારી ન હતી. પણ, ઘણા ઓછા સમયમાં આપણે આ બાબતમાં સુધારો લાવ્યા હતા. આજે આપણા તબીબોએ કોરોનાની સારવારમાં સારી એવી નિપુણતા પ્રાપ્ત કરી લીધી છે. તેઓ વધુમાં વધુ લોકોનો જીવ બચાવી રહ્યા છે. આજે આપણી પાસે પૂરતા પ્રમાણમાં પીપીઈ કીટ છે, લેબોરેટરીનું મોટું નેટવર્ક છે અને અમે પરીક્ષણની સવલતને સતત વધારી રહ્યા છીએ.

આપણા દેશે કોરોના સામે અત્યાર સુધી ખૂબ જ મક્કમતાથી અને ધીરજથી લડત આપી છે. તેનો યશ તમને સૌ દેશવાસીઓને જાય છે. શિસ્ત અને ધૈર્યથી કોરોના સામે લડીને આપણે દેશને અહીં સુધી પહોંચાડ્યો છે. મને ભરોસો છે કે જનભાગીદારીની શક્તિથી આપણે કોરોનાના આ તોફાનને પણ પરાસ્ત કરી શકીશું. આજે આપણે આપણી ચોતરફ જોઈ રહ્યા છીએ કે ઘણા લોકો, ઘણી સામાજિક સંસ્થાઓ જરૂરતમંદ લોકોને મદદ પહોંચાડવા માટે દિવસ-રાત કાર્યરત છે. દવા પહોંચાડવાની હોય, ભોજન કે રહેવાની વ્યવસ્થા કરવાની હોય, દરેક લોકો સંપૂર્ણ મનોયોગથી કામ કરી રહ્યા છે. હું આ તમામના સેવાભાવને વંદન કરું છું અને દેશવાસીઓને અપીલ કરું છું કે વધુ ને વધુ સંખ્યામાં આ કપરાકાળમાં આગળ આવો અને જરૂરતમંદો સુધી મદદ પહોંચાડો. સમાજના પુરુષાર્થ અને સેવાના સંકલ્પથી જ આપણે આ યુદ્ધ જીતી શકીશું. યુવાન સાથીઓને મારો અનુરોધ છે કે તેઓ તેમની સોસાયટી, મહોલ્લામાં, એપાર્ટમેન્ટમાં નાની નાની સમિતિઓ બનાવીને કોરોના સામેની શિસ્તનું પાલન કરાવવામાં મદદ કરે. આપણે આમ કરીશું તો સરકારોને ના તો ક્યારેય કન્ટેનમેન્ટ ઝોન બનાવવાની જરૂર પડશે કે ના તો કરફ્યુ લગાવવાની જરૂર પડશે અને લોકડાઉનનો તો સવાલ જ પેદા થતો નથી. જરૂર જ નહીં પડે. સ્વચ્છતા અભિયાન વખતે, દેશમાં જાગરૂકતા લાવવા માટે મારા બાળમિત્રોએ ઘણી મદદ કરી હતી. પાંચમા, સાતમા કે દસમા ધોરણમાં અભ્યાસ કરતાં નાનાં નાનાં બાળકોએ મદદ કરી હતી. તેમણે ઘરના લોકોને સમજાવ્યા હતા, મનાવ્યા હતા. તેમણે જ વડીલોને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આજે હું ફરી એક વાર મારા બાળમિત્રોને ખાસ કહેવા માગું છું - મારા બાળમિત્રો, ઘરમાં જ એવું વાતાવરણ બનાવો કે કામ વિના, કારણ વિના ઘરના લોકો ઘરની બહાર જ નીકળે નહીં. તમારી જીદ મોટું પરિણામ લાવી શકે છે. પ્રચારમાધ્યમોને પણ મારી પ્રાર્થના છે કે સંકટના આ સમયે તેઓ નાગરિકોને સતર્ક અને જાગૃત કરવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તેને વધુ આગળ ધપાવે. આ સાથે ડરનો માહોલ પેદા થાય નહીં તે માટે પણ કામ કરે. લોકો અફવાની દહેશતમાં આવે નહીં.


આજની પરિસ્થિતિમાં આપણે દેશને લોકડાઉનથી બચાવવાનો છે. હું



રાજ્યોને પણ અનુરોધ કરીશ કે તેઓ લોકડાઉનનો અંતિમ વિકલ્પ તરીકે જ ઉપયોગ કરે. લોકડાઉનથી બચવાનો ભરપૂર પ્રયાસ કરવાનો છે અને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પર પણ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આપણે આપણા અર્થતંત્રને પણ મજબૂત બનાવીશું અને દેશવાસીઓના આરોગ્યનું પણ ધ્યાન રાખીશું.

આજે નવરાત્રીનો અંતિમ દિવસ છે. કાલે રામનવમી છે અને મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનો આપણને એ જ સંદેશ છે કે આપણે મર્યાદાઓનું પાલન કરીએ, કોરોનાના આ કપરા કાળમાં કોરોનાથી બચવાના જે ઉપાયો છે, મહેરબાની કરીને તેનું સંપૂર્ણપણે પાલન કરો. ‘દવાઈ ભી, કડાઈ ભી’ના મંત્રને પણ ક્યારેય ભૂલવાનો નથી, આ મંત્ર જરૂરી છે, વેક્સિન પછી પણ જરૂરી છે. રમઝાનના પવિત્ર મહિનાનો પણ આજે સાતમો દિવસ છે. રમઝાન આપણને ધૈર્ય, આત્મસંયમ અને શિસ્તની સલાહ આપે છે. કોરોના સામેનો જંગ જીતવા માટે શિસ્તની પણ એટલી જ જરૂર છે. ખાસ જરૂર હોય તો જ બહાર નીકળો, કોવિડ શિસ્તનું સંપૂર્ણ પાલન કરો, મારો તમને તમામને આ જ આગ્રહ છે. હું તમને ફરીથી ખાતરી આપું છું કે તમારા આ સાહસ, ધૈર્ય અને શિસ્તની સાથે સંકળાઈને આજે જે પરિસ્થિતિ છે તેને બદલવામાં દેશ કોઈ કસર બાકી રાખશે નહીં. તમે બધા સ્વસ્થ રહો. તમારા પરિવારમાં તમામ લોકો સ્વસ્થ રહે એ જ મનોકામના સાથે હું મારી વાત સમાપ્ત કરું છું.

તમારા તમામનો ખૂબ ખૂબ આભાર.



**કોરોનાનો મુકાબલો સાથે મળીને કરીશું તો આપણી જીત નિશ્ચિત છે**





# ગુજરાતમાં સરકાર, ખાનગી ક્ષેત્ર અને સામાજિક સંગઠનો ખભે ખભા મિલાવીને લોકોને રાહત પહોંચાડવા પ્રયત્નશીલ - શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજ્ય સરકાર, ખાનગી ક્ષેત્ર અને સામાજિક સંગઠનો ખભેખભા મિલાવીને આ મહામારીમાં લોકોને રાહત પહોંચાડવા માટે પ્રયત્નશીલ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્થ અને સક્ષમ નેતૃત્વમાં સમગ્ર દેશ એક જૂથ થઈને કોરોના સામેનો જંગ લડી રહ્યો છે ત્યારે તમામ રાજ્યોએ આ લડાઈ સાથે મળીને લડવી પડશે. તેમણે કહ્યું હતું કે, કોરોનાનો મુકાબલો સાથે મળીને કરીશું તો આપણી જીત નિશ્ચિત છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ભારતનાં રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે સંવાદ કર્યો હતો. વિડિયો કોન્ફરન્સમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, **૧૫મી માર્ચે રાજ્યમાં ૪૨ હજાર બેડ હતા તેની સામે હાલ રાજ્યમાં ૯૦ હજાર બેડ ઉપલબ્ધ છે. ૧૮૦૦ થી વધુ કોવિડ હોસ્પિટલોમાં ૧૧,૫૦૦ આઈ.સી.યુ. બેડ અને ૫૧ હજાર ઓક્સિજન બેડ ઉપલબ્ધ છે. આ સાથે ટેસ્ટિંગમાં વધારો કરીને ૫૦ હજારની સામે ૧.૭૫ લાખ કરવામાં આવ્યા છે. જેમાં ૭૦ હજાર જેટલા આર.ટી.પી.સી.આર. ટેસ્ટનો સમાવેશ થાય છે.**

તેમણે વધુમાં કહ્યું કે, કોરોના સામેની લડતમાં રાજ્યની વિવિધ સામાજિક-ધાર્મિક સંસ્થાઓ પણ



આગળ આવી છે. મોરબી જેવા ગ્રામીણ જિલ્લામાં ૬૩૦ પથારીઓની ક્ષમતાવાળાં ૫ કોવિડ હેલ્થ સેન્ટર, વડોદરામાં બી.એ.પી.એસ. દ્વારા કોવિડ ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલની સ્થાપના અને સુરતમાં ૧૫ કોમ્યુનિટી કેર્ સેન્ટર વગેરે તેનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યમાં નિષ્ણાત તબીબોની એક ટાસ્ક ફોર્સ બનાવાઈ છે જેમાં સરકારી અને ખાનગી ક્ષેત્રના પ્રતિષ્ઠિત તબીબોને સમાવવામાં આવ્યા છે. તેમના માર્ગદર્શન અને સલાહ-સૂચનથી વખતોવખત કાર્યરીતિ નીતિમાં બદલાવ કરવામાં આવી રહ્યા છે. આ ટાસ્ક ફોર્સે માઈલ્ડ અને મોડરેટ દર્દીઓ માટે ફેવીપેરાવિર અને આઈવરમેક્ટીન દવાના ઉપયોગની સલાહ આપી છે. તેના થકી કોરોના દર્દીઓમાં વાઈરલ લોડ ઓછો કરવામાં મદદ મળશે.

કેંદ્ર સરકારના માર્ગદર્શન મુજબ ગુજરાત સરકારે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હાલ ગુજરાતનાં શહેરોમાં કુલ ૩૦,૦૦૦ જેટલાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન અમલમાં છે જેમાં ૨૦ હજાર મેડિકલ ટીમ નિયમિત ધોરણે દર્દીઓના સર્વે-સારવારનું કામ કરી રહી છે એમ કહીને શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં મોટા ભાગના દર્દીઓને હોમ આઈસોલેશન થકી સારવાર આપવાના પ્રયત્નો પણ યથાવત્ છે, જેમાં ગયા વર્ષનો અનુભવ કામે લાગી રહ્યો છે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓને સંજીવની રથ તથા ટેલિમેડિસિનના માધ્યમથી આવશ્યક સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. એકલા અમદાવાદમાં જ ૧૨૦૦થી વધારે સંજીવની રથ લોકોની સેવામાં છે, જે વરદાનરૂપ સાબિત થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં કોરોના દર્દીઓ માટે ઓક્સિજનનો પુરવઠો જળવાઈ રહે તે માટે વિતરણ પ્રણાલીને મજબૂત કરવામાં આવી છે. ગંભીર દર્દીઓની સંખ્યા વધતાં હોસ્પિટલોમાં ઓક્સિજનની માંગ પણ ખૂબ વધી છે તેને પહોંચી વળવા માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે. રાજ્યમાં પૂરતા વેક્સિનેશન અને કૉવિડ એપ્રોપ્રિયેટ બિહેવિયરના ચુસ્ત પાલન થકી આવનારા દિવસોમાં ગુજરાત કોરોના પર પ્રભાવી નિયંત્રણ મેળવવામાં સફળ થશે તેવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત્ કર્યો હતો.

## ધાર્મિક ગુરુઓ, સંપ્રદાયના પ્રતિનિધિઓનાં મંતવ્યો

**પૂજ્ય રમેશ ઓઝા :** આ સંકટ સમયમાં સાવધાની રાખવામાં સમજદારી છે. તમામ નાગરિકોએ ફરજિયાતપણે માસ્ક પહેરવા, સેનિટાઈઝરનો ઉપયોગ કરવો તથા સોશિયલ ડિસ્ટન્સ રાખવાની નમ્ર અપીલ છે.

**પૂજ્ય મોરારી બાપુ :** કોરોનાનો સામનો કરવા બધાએ એક થવું એ આજના સમયની માંગ છે ત્યારે તબીબોની સલાહનું અક્ષરશઃ પાલન કરવું જોઈએ અને તમામ નાગરિકોએ માસ્ક પહેરવું જોઈએ.


**પૂજ્ય રત્નસુંદરજી મહારાજ :** આજે રાજ્ય સરકારના તમામ પ્રયત્નો કોરોના મહામારીને નાથવા માટે ચાલી રહ્યા છે ત્યારે રાજ્યના કોરોના વોરિયર્સ એવા કર્મયોગીઓ પોતાના જાનના જોખમે નાગરિકોની સેવા કરી રહ્યા છે. If we can see Invisible, We can do possible. આપણે આપણી શ્રદ્ધાને કાયમ રાખી કર્મ ચાલુ રાખવું જોઈએ. આ સાથે વધુ ને વધુ આરોગ્યની સુવિધાઓ ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

અમે અમારા શ્રદ્ધાળુઓને વેક્સિન લેવા આગ્રહ કરી રહ્યા છીએ. આ સાથે, રાજ્ય સરકારે પણ નાગરિકો વેક્સિન લેવા પ્રેરિત થાય તેવાં પગલાંઓ લેવાં જોઈએ.

**પૂજ્ય અવિચલદાસજી મહારાજ :** અમે સર્વે સંત સમાજ રાજ્ય સરકારની કામગીરીથી સંતુષ્ટ છીએ તેમજ રાજ્ય સરકારની ગાઈડલાઈનનું પાલન કરવા તૈયાર છીએ તેમજ અમારી પાસેનાં તમામ સંસાધનોનો ઉપયોગ કોવિડના દર્દીઓ માટે કરવા સુવિધા ઊભી કરવાનું આશ્વાસન આપીએ છીએ. અમે અમારા મંદિરમાં વેક્સિનના પ્રમાણપત્ર વગર પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

**પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી :** આજે સરકારની સાથે સમાજના તમામ વર્ગો કોરોનાના દર્દીઓને મદદરૂપ થઈ રહ્યા છે. આ સમયે આપણે પુરુષાર્થ કરવાનું ભૂલી ન જવું જોઈએ. રાજ્ય સરકારનું તંત્ર પોતાની રીતે કાર્ય કરી રહ્યું છે ત્યારે નાગરિકોએ પણ સજાગ રહેવાની જરૂર છે. આ સમયે સામ-સામે આક્ષેપબાજી કરવાથી દૂર રહેવું જોઈએ.

**પૂજ્ય વ્રજરાજકુમારજી :** આ સમયમાં રાજ્ય સરકાર અને વહીવટી



## હારશે કોરોના-જીતશે ગુજરાત



### કોરોનાની મહામારીમાં ડોક્ટર, પેરામેડિકલ સહિત તમામ આરોગ્યકર્મીઓએ આપેલા યોગદાન અને સેવાને કોટી કોટી વંદન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ
કોરોનાના કપરા કાળમાં રાજ્યના સૌ તબીબો, પેરામેડિકલ સ્ટાફ સહિત આરોગ્યકર્મીઓએ આપેલા યોગદાન અને સેવાને કોટી કોટી વંદન કરી તેમની સેવાઓને બિરદાવી અભિનંદન આપતાં કહ્યું કે, આપનું મનોબળ ટકી રહે એ માટે રાજ્યના સવા છ કરોડ નાગરિકોના આશીર્વાદ અને શુભકામનાઓ આપ સૌની સાથે જ છે અને આપને વધુ ને વધુ સેવા કરવાની પ્રભુ શક્તિ અર્પે એવી પ્રાર્થના પણ કરી છે.

મુખ્યમંત્રીશ્રી એ સોશ્યલ મીડિયાના માધ્યમથી આરોગ્યકર્મીઓને સંબોધતાં કહ્યું હતું કે, આપ સૌ તબીબો અને પેરામેડિકલ સ્ટાફે સતત એક વર્ષથી આપના પરિવારની ચિંતા કર્યા વગર દિવસ રાત જે સેવા કરી છે એ એળે નહીં જાય એવો મને દૃઢ વિશ્વાસ છે.

તેમણે કોરોના વોરિયર્સને પ્રભુ સમાન ગણાવી ઉમેર્યું કે, આ કપરા કાળમાં રાજ્યના સૌ નાગરિકોએ આપને પ્રભુ સમાન ગણીને આપ સૌ પર જે વિશ્વાસ મૂક્યો છે, તેને આપ સુપેરે પાર પાડો એવી આપને પ્રભુ શક્તિ અર્પે. હવે કોરોનાથી મુક્તિ મેળવવા માટે આપણને વેક્સિન રૂપી અમોઘ શસ્ત્ર મળ્યું છે; ત્યારે ૪૫ વર્ષથી વધુ વયના સો નાગરિકો અચૂક વેક્સિન લઈ લે તે જરૂરી છે.

તેમણે ઉમેર્યું કે, કોરોના સામે લડવા માટે સમગ્ર વહીવટીતંત્ર કમર કસીને આગળ વધી રહ્યું છે, ત્યારે 'કોરોના હારશે અને ગુજરાત જીતશે' તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

તંત્રને સહકાર આપવો આપણી નૈતિક ફરજ છે. કેટલાક લોકો નાગરિકોમાં કોરોનાને લઈ ખોટો ભય બતાવી રહ્યા છે, તે પ્રવૃત્તિ બંધ થવી જોઈએ. નાગરિકોને પણ આવી વાતોથી ન દોરવાવા અપીલ કરું છું.

પૂજ્ય નમ્રમુનિ મહારાજ : ગુજરાત સરકાર દ્વારા કોરોના મહામારીનો સામનો કરવા લેવાઈ રહેલાં પગલાંઓ સંતોષજનક છે. આ સમયમાં સમગ્ર સંતસમાજ રાજ્ય સરકારને તમામ પ્રકારનો સહકાર આપવા તૈયાર છે.


**પૂજ્ય નૌતમસ્વામી :** આજની બેઠકમાં મારા સંતોએ જે માર્ગદર્શન આપ્યું છે તેમાં ખાસ કરીને રાજ્ય અને દેશની સરકારોએ સુશાસન અને સુનિયોજિત પગલાંઓ દ્વારા જે કાર્ય થયું છે તેમાં મારો પણ સૂર પુરાવું છું. આ કપરી પરિસ્થિતિમાં માનવજાતને બચાવવા વિવિધ ધર્મ-સંપ્રદાયના ધાર્મિક પ્રતિનિધિઓએ જે સમર્થન આપ્યું છે અને સમાજજીવનને બચાવવા માટેની હાકલ કરી છે, તેને હું પણ સમર્થન આપું છું. અમારી સંસ્થામાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવા પણ અમે તૈયાર છીએ.

**પૂજ્ય દિલીપદાસજી મહારાજ :** ગુજરાત રાજ્યના નાગરિકોના હિતમાં અન્ય સંતોએ આપેલાં સૂચનો સાથે હું સહમત છું અને અમારી સંસ્થામાં પણ કોવિડ કેર સેન્ટર શરૂ કરવા અમે તૈયાર છીએ.

**શ્રી મૌલાના લુકમાન તારાપુરી :** કોરોનાની મહામારીને નાથવા માટે ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ જે રીતે દોડી રહ્યા છે, ઝઝૂમી રહ્યા છે, તે માટે હું તેમને મુબારકબાદી અને અભિનંદન પાઠવું છું. કોરોના બુલેટ ગતિએ વધી રહ્યો છે તેવા સમયે સરકારે જે પગલાંઓ લીધાં છે તે 'કાબિલે-દાદ' છે, તેનાથી જરૂર ફાયદો થશે.

થોડા સમય પહેલાં અમે તમામ મસ્જિદોના ઈમામોને જમા કરીને, ડૉક્ટર્સ-કાઉન્સિલર્સની સાથે ભેગા મળીને લોકોમાં જેટલી આવી શકે તેટલી જાગૃતિ ફેલાવવાનું કાર્ય મસ્જિદના માધ્યમથી કરી રહ્યા છીએ. લોકોમાં જે ડરનું વાતાવરણ ફેલાયું છે તેને દૂર કરવાનો અમે પ્રયાસ કરીશું.

અમે સરકારી સેવા-પદ્ધતિનું



પાલન કરવા સતત પ્રયત્નશીલ છીએ. હાલ રમઝાનનો પવિત્ર મહિનો ચાલી રહ્યો છે ત્યારે પૂરી ઈન્સાનિયતને ખુદા બચાવે તેવી અમે દુઆ કરીએ છીએ. અમને સરકારના પ્રયાસોથી સંતોષ છે.

સરકાર કોરોના સામેની લડાઈ માટે અમારી પાસેથી જે કુરબાની ચાહે તે આપવા અમે તૈયાર છીએ, કોઈપણ સહયોગ આપવા તૈયાર છીએ. આ કાળમાં લોકોને ખુદા 'શિફા' આપે અને તેમની 'હિફાઝત' કરે તેવી ગુજરાતના તમામ ઈમામ સમાજની શુભકામનાઓ છે.

**શ્રી શેરનાથ બાપુ :** છેલ્લા એક વર્ષથી સમગ્ર વિશ્વ અને દેશ કોરોનાની મહામારી સામે ઝઝૂમી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય વહીવટીતંત્રએ આ મહામારીને રોકવા અને લોકોના હિતાર્થે અથાગ પ્રયાસ યુદ્ધના ધોરણે દિવસ-રાત જોયા વગર કર્યા છે, તે અભિનંદનને પાત્ર છે. માનવસમુદાય તરીકે, ઈશ્વરના બાળક તરીકે અમે સૌ પણ સરકારના તમામ પ્રયાસોમાં સહભાગી અને સહયોગી થઈશું તથા લોકોની સુખાકારી માટે સતત પ્રાર્થના કરીશું.

આ કપરી સ્થિતિમાં ડૉક્ટરો, આરોગ્ય કર્મચારીઓ, પોલીસ સહિતના તમામ ફ્રન્ટ લાઈન વર્કરોએ 'એંજલ'ની ભૂમિકા નિભાવી છે, તેમની સુખાકારી માટે પણ અમે સતત પ્રાર્થના કરીશું.

**પૂજ્ય દ્વારકેશલાલજી :** ગુજરાતની આ પરિસ્થિતિ વિકટ હોવા છતાં ખૂબ જ સંતુલિત અને સુશાસિત રૂપે લોકોને આરોગ્યસેવાઓ પ્રદાન કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા વ્યૂહાત્મક રીતે કામગીરી કરવામાં આવી રહી છે.

ઓક્સિજન, રેમડેસિવિર, બેડસ, ફૂડ પેકેટ્સ વગેરેની ઉપલબ્ધતાની જ્યાં વાત આવે છે ત્યાં ધાર્મિક સંસ્થાનો-ગેસ્ટ હાઉસમાં જરૂરી બેડસ ઊભા કરીને કે સેન્ટર્સ ઊભાં કરવાની બાબત સાથે હું અન્ય ધાર્મિક સંગઠનોના નેતા સાથે જરૂરી સહયોગ આપવામાં મારો સૂર પુરાવું છું. આ માટે સરકારની ગાઈડલાઈન્સ અનુસાર કાર્ય કરવા સમર્થન-સહયોગ આપવા હું અનુમોદન આપું છું. આ સંકટના સમયમાં સૌ સાથે મળીને કામ કરીએ.

**શ્રી શંભુપ્રસાદ ટુંડિયા :** સમાજને સંતોની અપીલ છે કે લોકો આ સમયમાં સંપૂર્ણપણે સરકારના માર્ગદર્શન અનુસાર સામાજિક અંતરનું પાલન કરે, માસ્કનો ઉપયોગ કરી, વેક્સિન લઈ, પરિવારના સભ્યો બિનજરૂરી બહાર ન નીકળે. લોકો સામે કોરોનાનું જોખમ ઊભું થયું છે ત્યારે અમારા સંતોના મત પ્રમાણે મનુષ્યજીવન અદ્ભુત, અલૌકિક અને અણમોલ હોઈ, આ કપરા સમયમાં આપણે સૌ સાથે રહીને આ આધિ-વ્યાધિ અને ઉપાધિને પહોંચી વળવા સરકાર સાથે ખભે-ખભા મિલાવીને કામગીરી કરીએ. આ માટે સૌ સંતોનો સહિયારો પ્રયાસ સાથે છે.

**ફાધર રાઈટરેવ સિલ્વન્ક :** આ કોરોના મહામારીનો સામનો કરવા રાજ્ય સરકારનું સમગ્ર વહીવટી તંત્ર ટીમવર્ક સાથે કામ કરી રહ્યું છે. આ સમયે નાગરિકોનું દવા-ઉપચારની સાથે માનસિક મનોબળ વધારવાની પણ જરૂર છે. આ સંકટ સમયે અમે સૌ રાજ્ય સરકારના પ્રયત્નો સાથે ખભે-ખભા મિલાવી ચાલવા તૈયાર છીએ.

**શ્રી ત્યાગવલ્લભ સ્વામી :** કોરોનાની આ કપરી મહામારીમાં આપણે ત્યાં રેમડેસિવિર ઈન્જેક્શન, ઓક્સિજનનો અભાવ અને અન્ય કેટલીક જરૂરી બાબતો અંગે લોકોમાં સાચી માહિતી અને લોકજાગૃતિનો અભાવ જોવા મળતો હોય તેવું લાગે છે. ભારતીય આયુર્વેદશાસ્ત્રમાં એટલે કે 'આયુષ'માં ઘરગથ્થુ ઉપાયો દ્વારા ઘરમેળે જ સ્વસ્થ રહી શકાય તેવી વ્યવસ્થા છે.


આ તબક્કે ઘરગથ્થુ ઉપચારોનો શાળા-કૉલેજ સ્તરે સાધુ-સંત સમાજે પ્રચાર-પ્રસાર કરવો જરૂરી છે. આ માટે આયુર્વેદ નિષ્ણાતોનો ઉપયોગ કરી આયુષનો શ્રેષ્ઠતમ પ્રયોગ કરવા માટે જરૂરી સહયોગ આપવાની જરૂર છે.

કોવિડના લીધે લોકોમાં ભયનું વાતાવરણ વધુ છે ત્યારે મનોચિકિત્સકોએ આ ભયનું વિશ્લેષણ કરીને તેનાથી બચવા માટેના પ્રયાસો કરવા જોઈએ.

હાલની સ્થિતિમાં સંસ્થાકીય દૃષ્ટિએ મદદરૂપ થવા માટે ધાર્મિક સંસ્થાનો અથવા કેમ્પસને કોવિડ હોસ્પિટલોમાં તબદીલ કરવા માટે પણ જરૂરી યોગદાન આપવા માટે અમે તૈયાર છીએ.

મૂળે, સૌએ સાથે મળીને, ભેગા થઈને 'માનવધર્મ' અને 'સેવાધર્મ' નિભાવવા આગળ આવવાની જરૂર છે, જો આમ કરીશું તો ઈશ્વર પણ આપણી મદદ કરશે.

●



## જી.ડી.એમ.સી. ગ્રાઉન્ડ ખાતે ધન્વંતરી ૯૦૦ બેડ કોવિડ હોસ્પિટલ






# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ગાંધીનગર હેલીપેડ ખાતે ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરી

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે નવનિર્મિત ધન્વતરી કોવિડ હોસ્પિટલની મુલાકાત લઈ સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ મુલાકાત બાદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ સાથે પરિસ્થિતિ અંગે ચર્ચા-વિચારણા કરી હતી. ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ મીડિયાને સંબોધતાં કહ્યું હતું કે, હાલ સમગ્ર દેશમાં કોવિડનો બીજી વેવ ચાલી રહી છે. આ સમયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા ઉત્તમ કામગીરી કરવામાં આવી રહી છે.

ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી કેટલાક અગત્યના નિર્ણયોની જાહેરાત કરી હતી.

- કોવિડ મહામારી માટે યુદ્ધના ધોરણે ૧૦૦ બાયપેપ મશીન અને ૨૫ વેન્ટિલેટરની વ્યવસ્થા કરી
- સોલા સિવિલ માટે ૫૦ બાયપેપ મશીન અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ માટે ૫૦ બાયપેપ મશીનની વ્યવસ્થા કરાઈ.
- અમદાવાદ ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં કોવિડને અનુલક્ષીને અગ્રતાના ધોરણે ૬ એમ્બ્યુલન્સ અને ૨ આઈસીયુ ઓન વ્હીલ્સ અને ૨ મોબાઈલ લેબોરેટરીની સુવિધા પૂરી પાડવામાં આવી. જ્યારે અમદાવાદ જિલ્લાનાં ૧૬૦ ગામડાં અને ગાંધીનગર જિલ્લાનાં ૧૦૦ ગામડાંની પ્રજાને આરોગ્યસુવિધાઓ પ્રાપ્ત થશે સાથે ૪ નગરપાલિકા વિસ્તારની જનતાને આરોગ્યસુવિધા પ્રાપ્ત થશે.

કોવિડ મહામારીના સમયમાં પ્રજાને જરૂરી આરોગ્યસુવિધાઓ મળી રહે તે હેતુથી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા સંસદીય મતવિસ્તારમાં સરકારી હોસ્પિટલોની આરોગ્ય સુવિધાઓને વધુ સુદૃઢ કરવા માટે રૂપિયા ૧૦ કરોડથી વધુ રકમની વ્યવસ્થા કરી છે, જેમાંથી સંસદીય મતક્ષેત્રમાંથી ૧૦૦ બાયપેપ મશીન અને ૨૫ વેન્ટિલેટરની સુવિધા ઊભી થશે. આ બાયપેપ મશીનમાંથી ૫૦ સોલા સિવિલ ખાતે અને ૫૦





ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત થશે. કેન્દ્રીય મંત્રીશ્રીની આ વ્યવસ્થાના પગલે તાત્કાલિક ધોરણે ૬ એમ્બ્યુલન્સ અને ૨ આઈસીયુ ઓન વ્હીલ્સ અને ૨ મોબાઈલ લેબોરેટરીની સુવિધા જનતાને મળશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની દ્વારા ઊભી કરવામાં આવેલી આ વ્યવસ્થાને પગલે ૮ લાખથી વધુ વસ્તીને આરોગ્યસુવિધાનો લાભ મળશે, જેમાં અમદાવાદ જિલ્લાનાં ૧૬૦ ગામડાંઓ અને ગાંધીનગર જિલ્લાનાં ૧૦૦ ગામડાંઓની જનતાને આ આરોગ્યસુવિધાનો લાભ થશે. આ આરોગ્યસુવિધાઓના પગલે ૪ નગરપાલિકા વિસ્તારની જનતાને પણ રાહત થશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની આ પહેલના પગલે ગાંધીનગર વિસ્તારની પ્રજાને ૧ એમ્બ્યુલન્સ વાન, ૧ મોબાઈલ ટેસ્ટિંગ વાન અને ૧ આઈસીયુ ઓન વ્હીલ્સની સુવિધાનો લાભ મળશે. જ્યારે અમદાવાદ ક્ષેત્રની પ્રજાને ૬ એમ્બ્યુલન્સ વાનનો લાભ મળશે. આ ઉપરાંત અમદાવાદ સોલા સિવિલ ખાતે આંખના રોગોના નિદાન માટે ફેકો મશીન અને સાણંદ તથા બાવળા વિસ્તારમાં એક-એક મોબાઈલ ટેસ્ટિંગ લેબોરેટરી વાન ફાળવવામાં આવી છે.

કોવિડની સ્થિતિને ધ્યાનમાં રાખી પ્રજાને તાત્કાલિક હોસ્પિટલ સુધી પહોંચાડવામાં સુગમતા રહે તે માટે બાવળા, સાણંદ, નાનોદરા, વિરોચનનગર, સનાથલ, સરઢવ અને સોલા સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગરમાં આઈસીયુ ઓન વ્હીલ્સની સુવિધા પૂરી પાડવામાં આવશે.


અમદાવાદના સાણંદ અને બાવળા વિસ્તારમાં ડિજિટલ એક્સ રે મશીન-૨, સોનોગ્રાફી કલર મશીન-૨, ઓક્સિજન કોન્સનટ્રેટ મશીન- ૬, બાયનોક્યુલર માઈક્રોસ્કોપ-૧૨, ડિજિટલ એક્સ રે મશીન-૨ અને ફિઝિયોથેરપીનાં મશીનો ફાળવવામાં આવ્યાં છે.

ગાંધીનગર વિસ્તારમાં સોનોગ્રાફિક મશીન-૧, ફુલ્લી ઓટોમેટિક કેમેસ્ટ્રી એનેલાઈઝર-૧, લેપ્રોસ્કોપીક મશીન વીથ યુનિટ-૧, પોર્ટેબલ ઈસીજી મશીન-૧, ડેન્ટલ ડિજિટલ એક્સ રે મશીન- ૧ ફાળવવામાં આવ્યું છે.

આમ, સંકટના સમયમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી આરોગ્યસુવિધાઓ નાગરિકો માટે આશીર્વાદરૂપ નીવડશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ નીચેની આરોગ્યસુવિધાઓની વ્યવસ્થા કરી.

● બાવળા યુએચસી – એમ્બ્યુલન્સ ● સાણંદ યુએચસી- એમ્બ્યુલન્સ ● નાનોદરા- યુએચસી- એમ્બ્યુલન્સ ● વિરોચનનગર- યુએચસી- એમ્બ્યુલન્સ ● સનાથલ- યુએચસી- એમ્બ્યુલન્સ ● સોલા સિવિલ- યુએચસી- એમ્બ્યુલન્સ ● સાણંદ-બાવળા–મોબાઈલ લેબોરેટરી





વાન ● સાણંદ-બાવળા – ડિજિટલ એક્સ રે મશીન ● સાણંદ-બાવળા- સોનોગ્રાફી મશીન કલર ● સાણંદ-બાવળા- બાયનોક્યુલર માઈક્રોસ્કોપ ● સાણંદ-બાવળા- ડેન્ટલ ડિજિટલ એક્સ રે ● સરઢવ- એમ્બ્યુલન્સ ● ગાંધીનગર- બ્લડ સેલ મોબાઈલ વાન ● ગાંધીનગર- આઈસી યુ ઓન વ્હીલ્સ ● કાલોલ-ગાંધીનગર- બાયનોક્યુલર માઈક્રોસ્કોપ ● કલોલ સીએચસી – સોનોગ્રાફી મશીન ૩ ડી અને ૪ડી ● કલોલ સીએચસી – ફુલ્લી ઓટોમેટિક કેમેસ્ટ્રી એનલાઈઝર ● કલોલ સીએચસી- લેપ્રોસ્કોપી ઓટોમેટિક કેમેસ્ટ્રી ● કલોલ સીએચસી – ડિજિટલ એક્સ રે મશીન

કોવિડ અંગે માર્ગદર્શન માટે હેલ્પલાઈન શરુ કરાશે. ૫૦થી વધુ તબીબો ટેલિફોનિક માર્ગદર્શન આપશે. રાજયમાં મેડિકલ કન્સલન્ટન્સી શરૂ કરાશે.

જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ધન્વતરી કોવિડ હોસ્પિટલનો આરંભ થશે. DRDO અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમને નિર્માણ પામેલી આ હોસ્પિટલમાં ૯૦૦ બેડની હશે, જેમાં ૨૫૦ આઈસીયુ બેડ હશે. જેમાં તમામ પ્રકારના ટેસ્ટની સુવિધા પણ ઉપ્લબ્ધ હશે.


ગાંધીનગર હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે ટૂંક સમયમાં ટાટા ટ્રસ્ટના સહયોગથી ૧૨૦૦ બેડની હોસ્પિટલ શરૂ કરાશે. જેમાં ૬૦૦ આઈસીયુ બેડ ઉપ્લબ્ધ હશે. ગુજરાતમાં સ્વયંસેવી સંગઠનોની સહાયથી ઠેર-ઠેર આઈસોલેશન સેન્ટર શરૂ કરાશે. જેથી ગરીબ અને મધ્યમવર્ગના લોકોને રાહત મળે. શહેરમાં કર્ણાવતી ક્લબ, એડીસી બેંક, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક, ઉમિયા પરિવાર ટ્રસ્ટ, જેવી સ્વૈચ્છિક સંસ્થાઓએ આઈસોલેશન સેન્ટર માટે તૈયારી બતાવી છે. આ આઈસોલેશન સેન્ટરમાં પ્રાથમિક આરોગ્ય સુવિધા, દવાઓ અને આહાર વગેરેની વ્યવસ્થા રાજય સરકાર કરશે. ગુજરાતની જનતાને ફ્રી મેડિકલ માર્ગદર્શન માટે હેલ્પલાઈન શરૂ કરાશે. જેમાં ૫૦ થી વધુ સિનિયર તબીબો ટેલિફોનિક ગાઈડન્સ આપશે. જેની બે દિવસમાં શરૂઆત થશે. જેમાં પ્રાથમિક લક્ષણો ધરાવતા કોવિડના દર્દીઓ સંપૂર્ણ માર્ગદર્શન તબીબો પાસેથી મેળવી શકશે.

આગામી બે દિવસમાં રાજયમાં મેડિકલ કન્સલન્ટસી શરૂ કરાશે. જેનો લાભ લોકોને મળશે. રસીકરણને વેગ આપવા માટે નક્કર આયોજન હાથ ધરાશે. રસીકરણ ઝુંબેશમાં રસીનો બગાડ થતો અટકાવવા ઓડિટ હાથ ધરાશે. રેમડેસિવિર ઈન્જેક્શન અને ઓક્સિજનનો વ્યય અટકાવવા માટે વ્યૂહરચના ઘડાશે.

ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કદાચ દેશમાં ગુજરાત એવું રાજય છે કે જ્યાં આઈસીયુ બેડની મહત્તમ સુવિધા છે. આ ઉપરાંત ગૃહમંત્રીશ્રીએ રાજયની જનતાને આહ્વાન કર્યું હતું કે આપણે સૌએ સાથે મળીને કોવિડ સામે વિજય પ્રાપ્ત કરીશું. આ તબક્કે ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની સ્થિતિ વિશે સતત જાણકારી મેળવી અને જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે.

ગૃહમંત્રીશ્રીએ તબીબોને અપીલ કરતાં કહ્યું કે રેમડેસિવિર ઈન્જેકશનની જરૂર હોય તો જ ઉપયોગ કરવામાં આવે. તેમણે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની ગાઈડલાઈનનું અનુસરણ કરવા માટેની તાકીદ કરી હતી.

●



યજ્ઞેશ દવે




# સેવા એજ રાજધર્મ

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજીના માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં ગૌપુત્ર મિત્રમંડળ દ્વારા પરબત કોમ્યુનિટી હૉલ, પરબત ગામ, સુરત ખાતે 'નમો કોવિડ આઈસોલેશન સેન્ટર' શરૂ કરવામાં આવ્યું.

કોરોના મહામારીથી સમગ્ર વિશ્વ, દેશ અને ગુજરાતની પરિસ્થિતિ બેકાબૂ બની રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજીનું માર્ગદર્શન લઈને ગૌપુત્ર મિત્રમંડળ દ્વારા આ સેવાકીય કાર્યને સ્થાનિક નાગરિકો દ્વારા બિરદાવવામાં આવ્યું.

શ્રી સી. આર. પાટીલે આ પ્રસંગે કોંગ્રેસના આરોપોને પાયાવિહોણા ગણાવતાં જણાવ્યું કે, કોંગ્રેસ ધમકીઓ આપવાની બંધ કરે, કોંગ્રેસની ધમકીઓથી અમે ડરીશું નહીં, ૧૯૯૨માં જ્યારે કોંગ્રેસના શાસનમાં સુરતમાં જ્યારે પ્લેગ ફેલાયો હતો ત્યારે પણ અમે દવા આપી હતી, ત્યારે કોંગ્રેસ ક્યાં હતી? ત્યારે કોંગ્રેસે સવાલો કેમ ના ઉઠાવ્યા ? ભાજપના કાર્યકર્તાઓ મહામારીમાં પણ મોતથી ડર્યા વગર લોકોની સાથે ઊભા છે, સેવા કરે છે, કોરોના દર્દીઓનાં સગાં-વ્હાલાંને જમવાની વ્યવસ્થા કરી આપે છે, સ્મશાનમાં લાકડાં અને હોસ્પિટલમાં ઓક્સિજનની અછત પૂરી કરી આપે છે. આવાં કાર્યોને સરાહનીય કાર્ય તરીકે વર્ણવવાં જોઈએ ત્યારે કોંગ્રેસનું આ પ્રકારનું વલણ તેમની માનસિકતા છતી કરે છે.


આ પ્રસંગ નિમિત્તે શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા (મેયરશ્રી, સુરત), શ્રીમતી સંગીતાબેન પાટીલ (ધારાસભ્યશ્રી, લિંબાયત), શ્રી નિરંજનભાઈ જાંજમેરા (પ્રમુખ, સુરત), જિલ્લા હોદ્દેદારશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રી સી. આર. પાટીલ ના 'સેવા એ જ રાજધર્મ' સૂત્રને સાકાર કરી તેમની પ્રેરણાથી સુરતમાં ૮૦ બેડ ઓક્સિજન સાથે કોવિડ કેર સેન્ટરનો પ્રારંભ થયો**

સુરત મહાનગર પાલિકા, સચીન જી.આઈ.ડી.સી. અને હજીરા નોટિફાઈડના સહયોગથી ચોર્યાસી તાલુકા કાંઠા વિભાગ, કોળીસમાજ તથા ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલના સંયુક્ત ઉપક્રમે ૮૦ બેડના ઓક્સિજનની સુવિધા સાથેના કોવિડ કેર સેન્ટરનો ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના હસ્તે પ્રારંભ કરાયો.

**સુરતના મોઢ વણિક સમાજ દ્વારા શ્રી સી. આર. પાટીલની પ્રેરણાથી કોવિડ કેર સેન્ટરનો પ્રારંભ થયો**

સુરત ખાતે વધુ એક કોવિડ કેર સેન્ટરનો પ્રારંભ ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલના સેવા એ જ રાજ ધર્મ આ સૂત્રને સાકાર કરવા માટે સુરતમાં આવેલ મોઢ વણિક સમાજની વાડીમાં સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી એક કોવિડ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવેલો છે. આ પ્રસંગે ભાજપા અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલતેમજ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી હેમાલીબેન બોઘાવાલા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મોઢ વણિક સમાજના






અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સી. આર. પાટીલ મોઢ વણિક સમાજના શ્રેષ્ઠીઓને કોરોનાના આ કપરા કાળમાં સેવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં હતા તેમજ આભાર માન્યો હતો.

**ગુજરાતના તમામ હોસ્પિટલ / નર્સિંગ હોમને કોરોના સારવારની મંજૂરીનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો નિર્ણય આવકારદાયક - શ્રી સી. આર. પાટીલ**

ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા લેવામાં આવેલા નિર્ણય જેમાં ગુજરાતમાં આવેલી કોઈપણ હોસ્પિટલ કે નર્સિંગ હોમ કોરોનાની સારવાર કરી શકશે જે નિર્ણય ખરેખર પ્રજાલક્ષી અને હાલની પરિસ્થિતિ માટે યોગ્ય સમયે લેવાયેલો નિર્ણય છે, તેમજ કોરોનાની સારવારમાં રહેલા ડોક્ટર સહિત પેરામેડિકલ સ્ટાફ આઉટસોર્સિંગ સ્ટાફ અને વર્ગ-૪ના કર્મચારીઓને ૨૫થી ૩૦ ટકા જેટલો હંગામી વેતનવધારો ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવ્યો જેને ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે આવકાર્યો હતો.

પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિમાં જ્યારે સરકારી તેમજ રજિસ્ટર્ડ કોરોના હોસ્પિટલમાં બેડની અછત છે ત્યારે આવા સમયમાં તમામ હોસ્પિટલોમાં સારવારની મંજૂરી આપવી એ સમયની તાતી જરૂરિયાત હતી તેમજ પ્રજાની કોરોનાકાળની જરૂરિયાત પૂર્ણ કરી શકાશે. સાથે સાથે જેને આપણે કોરોનાના ફ્રન્ટ વોરિયર કહીએ છીએ એવા ડોક્ટર અને પેરામેડિકલ સ્ટાફની પણ સેવાને બિરદાવવાનો ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે જે પ્રશંસનીય કાર્ય છે.

**ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ તેમજ તેમની પ્રેરક ઉપસ્થિતિમાં જસદણ ખાતે કોવિડ કેર સેન્ટરનો શુભારંભ**


જયતાબાપુની જગ્યાની બાજુમાં, દેવશીભાઈ છાયાણીના હીરના કારખાના, જસદણ ખાતે. ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ તેમજ તેમની પ્રેરક ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડૉ. ભરતભાઈ બોઘરા તેમજ ગુજરાત સરકાર અને જસદણ ડૉ. એસોસિયેશનના સમ્પૂર્ણ સહયોગથી ૧૦૦ બેડના કોવિડ કેર સેન્ટરનો શુભારંભ શ્રી સી.આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યો.

કોરોના મહામારીને કારણે આ કાર્યક્રમમાં કાર્યકર્તાઓ હાજરી ન આપીને સંક્રમણને અટકાવવા તથા આ કપરી સ્થિતિમાં વધુ ને વધુ લોકોની સેવા કરી લોકોને મદદરૂપ થવા ડૉ. ભરતભાઈ બોઘરાએ અપીલ કરી હતી.

**પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ કોરોનાની વિકટ પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે પ્રદેશ યુવા મોરચા દ્વારા ૦૭૯-૨૩૨-૭૬૯૪૪ હેલ્પલાઇન નંબર શરૂ કરવામાં આવ્યો**



પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના માર્ગદર્શનથી કોરોનાની વિકટ પરિસ્થિતિમાં પ્રદેશ યુવા મોરચા દ્વારા જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે '૦૭૯-૨૩૨-૭૬૯૪૪' હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવ્યો. આ હેલ્પલાઈન નંબરનું કૉલ સેન્ટર 'શ્રી કમલમ્' ખાતે શરૂ કરવામાં આવ્યું.





**મારું પેજ કોરોના મુક્ત પેજ વેક્સિનેશન યુક્ત પેજના મંત્ર હેઠળ દરેક વ્યક્તિઓને વેક્સિનેશન કરાવવા પેજ પ્રમુખોને અપીલ કરતા શ્રી સી આર પાટીલ**

ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી આર પાટીલ સાહેબની અધ્યક્ષતામાં વિડીયો કોન્ફરન્સ દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મીટીંગની શરૂઆત પ્રદેશના સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ સ્વાગત પ્રવચનથી કરી હતી. વિડિયો કોન્ફરન્સ દ્વારા યોજવામાં આવેલ આ મિટિંગમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ વર્તમાન કોરોના મહામારીની પરિસ્થિતિની સામે લડત આપવા માટે વિવિધ યોજનાકીય માહિતી આપી હતી. શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે કોરોના મહામારીના પહેલાં તબક્કામાં જેવી આ રીતે ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકરોએ પોતાના જીવનો કે પરિજનોની ચિંતા કર્યા વગર સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બની સફળતા મેળવી હતી તેવી જ રીતે આ મહામારીના બીજા તબક્કામાં પણ દરેક કાર્યકર પોતાની અથાગ શક્તિ કામે લગાવી તેમજ ગત વખતના અનુભવને આધારે કોરોના સામેની જંગમાં વિજય હાંસલ કરશે જ. જે ૧૨૦૪૭ બેડના આઈસોલેશન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા એ ખરેખર પ્રસંશનીય બાબત છે

શ્રી સી. આર. પાટીલે ઓક્સિજનની અછત વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે પહેલા પ્રતિદિન ૪૦ મેટ્રિક ટન ઓક્સિજનની ડિમાન્ડ હતી. જે પહેલી એપ્રિલના રોજ ૪૦૦ મેટ્રિક ટનની થવા જઈ રહી હતી અને હવે આ ડિમાન્ડ વધીને ૧૦૦૦ મેટ્રિક ટન સુધી પહોંચી છે ત્યારે પહેલા રાજ્યમાં ૭૫૦ મેટ્રિક ટન ઓક્સિજનનું ઉત્પાદન કરવામાં આવતું હતું જે હવે નવા ક્વોટા મુજબ ૯૦૦ મેટ્રિક ટન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓક્સિજનની આયાત પણ શરૂ કરી દીધી છે તેમજ રેમડીસિવર ઈન્જેક્શનની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે જેના કારણે આ મહિનાના અંત સુધીમાં ઓક્સિજન અને ઈન્જેક્શન બંનેની સમસ્યાનો અંત આવી જશે.

શ્રી સી. આર. પાટીલે ભાજપાના જિલ્લા પ્રમુખો તેમજ પ્રદેશના હોદ્દેદારોને વેક્સિનેશન ઉપર ભાર આપતા જણાવ્યું હતું કે, દરેક પેજ પ્રમુખોને મારું પેજ કોરોના મુક્ત પેજ, વેક્સિનેશન યુક્ત પેજના મંત્ર સાથે જનસંપર્ક કરી શક્ય તેટલું વધારે હાલમાં ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે તેમજ તારીખ ૧લી મેથી ૧૮ વર્ષથી ઉપરની તમામ વ્યક્તિઓને વેક્સિનેશન કરાવવા અનુરોધ કર્યો હતો. વિડિયો કોન્ફરન્સ માધ્યમથી થયેલ આ મીટીંગના સમાપન અન્વયે કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રીશ્રી પરસોતમભાઇ રૂપાલાએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત છણાવટ કરી આભાર વિધિ કરી હતી.


પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે શ્રી કમલમ્ ખાતે યુવા મોરચા દ્વારા શરૂ થયેલ હેલ્પ-ડેસ્ક કૉલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરાયું.

પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરાટે જણાવ્યું હતું કે, કોરોનાની વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી યુવા મોરચા દ્વારા શરૂ કરાયેલ હેલ્પલાઇન નંબર પર જે પણ જરૂરિયાતમંદ લોકોનો ફોન આવશે તેમની સમસ્યાઓ જાણી જે તે જિલ્લામાં તે સમસ્યાઓને ફોરવર્ડ કરી શક્ય તેટલું મદદરૂપ થઈ શકાય તે પ્રકારના પ્રયત્ન હાથ ધરાશે. યુવા મોરચાનો કાર્યકર્તા આ કામ માટે તત્પર છે.

પ્રદેશ યુવા મોરચા દ્વારા મંડલ સહ 'નમો કોવિડ કેર આઈસોલેશન સેન્ટર' ઊભું કરાશે, જેમાં ૧૫થી ૨૦ બેડની સુવિધા હશે. માઈલ સીમટમ્સ ધરાવનાર દર્દીઓ તે કોવિડ સેન્ટરમાં ક્વોરન્ટાઈન થઈ શકે તે પ્રકારનું આયોજન હાથ ધરાશે. તા. ૨૦ એપ્રિલથી ૩૦ એપ્રિલ દરમ્યાન યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાશે. તા. ૨૭ એપ્રિલના રોજ દરેક જિલ્લામાં મંડલ સહ પ્લાઝમા ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવશે.

શ્રી પ્રશાંત કોરાટે વધુમાં જણાવ્યું કે, પ્રદેશ યુવા મોરચા દ્વારા કોરોનાની વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દરેક બુથમાં ૪, ૫ કાર્યકર્તાઓની ટીમ બનાવી ઘરે-ઘરે માસ્ક તથા સેનેટાઈઝરનું વિતરણ થાય તે પ્રકારનું આયોજન કરવામાં આવશે.

•







# ડો. આંબેડકર કહેતા હતા કે મારા ત્રણ ઉપાસ્ય દેવો છે : જ્ઞાન, સ્વાભિમાન અને શીલ એટલે કે જ્ઞાન, આત્મસન્માન અને નમ્રતા


આઝાદીની લડતમાં આપણા લાખો-કરોડો સ્વાતંત્ર્ય સેનાનીઓએ સમરસ-સમાવેશી ભારતનું સપનું જોયું હતું બાબાસાહેબે દેશને બંધારણ આપીને આ સપનાંને પૂરાં કરવાની શરૂઆત કરી હતી. આજે એ જ બંધારણ ઉપર ચાલીને ભારત એક નવા ભવિષ્યનું ઘડતર કરી રહ્યું છે. સફળતાનાં નવાં પાસાં હાંસલ કરી રહ્યું છે.

દુનિયામાં ભારતને લોકશાહીની માતા ગણવામાં આવે છે. લોકશાહી આપણી સભ્યતા, આપણી કામ કરવાની પદ્ધતિ અને એક રીતે કહીએ તો આપણી જીવનપદ્ધતિનો એક સહજ હિસ્સો બની રહી છે. આઝાદી પછી ભારત એ જ લોકશાહી વારસાને મજબૂત બનાવીને આગળ ધપે તે માટે બાબાસાહેબે દેશને મજબૂત આધાર આપ્યો. આપણે જ્યારે બાબાસાહેબને વાંચીએ છીએ ત્યારે સમજીએ છીએ અને ત્યારે આપણને અનુભવ થાય છે કે તે એક સાર્વત્રિક વિઝન ધરાવતા વ્યક્તિ હતા.

ડૉ. આંબેડકર કહેતા હતા કે 'મારા ત્રણ ઉપાસ્ય દેવો છેઃ જ્ઞાન, સ્વાભિમાન અને શીલ'. એટલે કે જ્ઞાન, આત્મસન્માન અને નમ્રતા. જ્યારે જ્ઞાન આવે છે ત્યારે આત્મસન્માન વધે છે. આત્મસન્માનને કારણે વ્યક્તિ પોતાના અધિકાર અંગે જાણકાર બને છે અને સમાન અધિકારથી જ સમાજમાં સમરસતા આવે છે અને દેશ પ્રગતિ કરે છે.

આપણે સૌ બાબાસાહેબના જીવનસંઘર્ષથી પરિચિત છીએ. આટલા સંઘર્ષ પછી પણ બાબાસાહેબ જે ઊંચાઈ ઉપર પહોંચ્યા તે આપણા સૌના માટે એક મોટી પ્રેરણા છે. તેઓ આપણને જે માર્ગ બતાવીને ગયા છે, તેની ઉપર દેશ નિરંતર ચાલતો રહે તેની જવાબદારી આપણી શિક્ષણ વ્યવસ્થા ઉપર છે, આપણાં વિશ્વ વિદ્યાલયો ઉપર રહે છે અને જ્યારે સવાલ એક રાષ્ટ્ર તરીકે સહિયારાં લક્ષ્યોનો હોય ત્યારે સામાજિક પ્રયાસ જ સિદ્ધિનું માધ્યમ બની જાય છે. એટલા માટે મારી સમજ છે કે આમાં એસોસિયેશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટિઝની ભૂમિકા મહત્ત્વની બની જાય છે. એઆઈયુની પાસે તો ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણજી, ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી, શ્રીમતી હંસા મહેતા, ડૉ. ઝાકિર હુસેન જેવા વિદ્વાનોનો વારસો પડેલો છે. ડૉ. રાધાકૃષ્ણજી કહેતા હતા કે 'શિક્ષણનું આખરી પરિણામ એક મુક્ત રચનાત્મક પુરુષ હોવો જોઈએ કે જે ઐતિહાસિક સંજોગોમાં અને કુદરતની વિપરીત પરિસ્થિતિમાં લડત આપી શકે.'

આનું તાત્પર્ય એ છે કે વ્યક્તિ મુક્ત અને મોકળા મનથી વિચારે તથા નવી વિચારધારા મુજબ નવું નિર્માણ કરે. તે એવું માનતા હતા કે આપણે શિક્ષણ-વ્યવસ્થાપનને સમગ્ર વિશ્વને



એક એકમ ગણીને વિકસિત કરવું જોઈએ, પણ સાથે સાથે તે શિક્ષણની ભારતીય લાક્ષણિકતા ઉપર પણ એટલો જ ભાર મૂકતા હતા. આજના વૈશ્વિક ફલક ઉપર આ બાબત વધુ મહત્ત્વની બની જાય છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને તેના અમલીકરણ અને આયોજન અંગેના વિશેષ અંકોનું જે વિમોચન કરાયું તે અંકો એ બાબતના વિસ્તૃત દસ્તાવેજો છે કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ કઈ રીતે એક ભવિષ્યલક્ષી નીતિ છે, વૈશ્વિક માપદંડોની નીતિ છે. આપ સૌ વિદ્વાનો રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઝીણામાં ઝીણી બાબતોથી પરિચિત છો. ડૉ. રાધાકૃષ્ણજીએ શિક્ષણના જે ઉદ્દેશની વાત કરી હતી, તે આ નીતિની મુખ્ય બાબતોમાં દેખાય છે.

હું રાષ્ટ્રીય શિક્ષણનીતિ બાબતે નિષ્ણાતો સાથે સતત ચર્ચા કરતો રહું છું. રાષ્ટ્રીય શિક્ષણનીતિ જેટલી વ્યવહારુ છે તેટલું જ વ્યવહારુ તેનું અમલીકરણ પણ છે.

તમે તમારું સમગ્ર જીવન શિક્ષણને જ સમર્પિત કર્યું છે. તમે સૌ સારી રીતે જાણો છો કે દરેક વિદ્યાર્થીનું પોતાનું એક સામર્થ્ય હોય છે, ક્ષમતા હોય છે. આ ક્ષમતાઓના આધારે જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સામે ત્રણ સવાલ પણ ઊભા થતા હોય છે :

પ્રથમ - તે શું કરી શકે છે?

બીજું - જો તેમને ભણાવવામાં આવે તો તે શું કરી શકે છે? અને -

ત્રીજું - તે શું કરવા ઇચ્છે છે?


એક વિદ્યાર્થી જે કરી શકે છે તે તેની આંતરિક તાકાત હોય છે, પરંતુ આપણે તેની આંતરિક તાકાતની સાથે સાથે તેને સંસ્થાકીય તાકાત આપવાની




## શ્રી કિશોર મકવાણાનાં પુસ્તકોમાં બાબાસાહેબના સ્પષ્ટ વિઝનનું દર્શન

**શ્રી કિશોર મકવાણાનાં પુસ્તકોમાં બાબાસાહેબના આ સ્પષ્ટ વિઝનનું દર્શન થાય છે. તેમનું એક પુસ્તક બાબાસાહેબના 'જીવનદર્શન'થી પરિચિત કરાવે છે. બીજું પુસ્તક તેમના વ્યક્તિત્વ-દર્શન ઉપર કેન્દ્રિત છે. એવી જ રીતે ત્રીજા પુસ્તકમાં બાબાસાહેબનું 'રાષ્ટ્રદર્શન' આપણી સામે આવે છે અને ચોથું પુસ્તક તેમના 'આયામદર્શન'ને દેશવાસીઓ સુધી લઈ જશે. આ ચારેય વિચારધારાઓ કોઈ આધુનિક શાસ્ત્રથી ઓછી નથી. હું ઇચ્છા રાખીશ કે દેશનાં વિશ્વ વિદ્યાલયોમાં, કૉલેજોમાં, આપણી નવી પેઢી આ પુસ્તકો તથા તેના જેવાં અનેક પુસ્તકો પણ વાંચે અને સમરસ સમાજની વાત થાય. દલિત અને વંચિત સમાજના અધિકારોની ચિંતા વ્યક્ત થાય. મહિલાઓના ઉત્કર્ષ અને યોગદાનનો સવાલ હોય, શિક્ષણ ઉપર અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ ઉપર બાબાસાહેબના વિઝન અંગે આ તમામ પાસાંઓમાંથી દેશના યુવાનોને બાબાસાહેબને જાણવા-સમજવાની તક મળશે.**

છે, જેનાથી તેમનો વિકાસ વ્યાપક બની શકે છે. આ સમન્વયથી આપણા યુવાનો જે કરવા ઇચ્છે છે તે કરી શકે છે. એટલા માટે આજે દેશમાં કૌશલ્યવિકાસ ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. આજે જે રીતે દેશ 'આત્મનિર્ભર ભારત અભિયાન સાથે આગળ ધપી રહ્યો છે, કૌશલ્ય ધરાવતા યુવાનોની ભૂમિકા અને તેમની માંગ વધતી જઈ રહી છે. ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીએ કૌશલ્યોની આ તાકાત જોઈને, દાયકાઓ પહેલાં શિક્ષણસંસ્થાઓ અને ઉદ્યોગોના સહયોગ ઉપર વધુ ભાર મૂક્યો હતો. આજે તો દેશની પાસે ઘણા અવસર છે અને આધુનિક સમયના નવા નવા ઉદ્યોગો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઇન્ટરનેટ ઓફ થિંક અને બિગ ડેટાથી માંડીને થ્રીડી પ્રિન્ટિંગ, વર્ચ્યુઅલ રિયાલિટી,



રોબોટિક્સ, મોબાઈલ ટેકનોલોજી, જિયો-ઈન્ફોર્મેટિક્સ અને સ્માર્ટ હેલ્થ કેરથી માંડીને સંયુક્ત ક્ષેત્ર સુધી આજે ભારતને દુનિયાના ભવિષ્યના કેન્દ્ર તરીકે જોવામાં આવી રહ્યું છે. આ જરૂરિયાતો પૂરી કરવા માટે દેશ લગાતાર પગલાં લઈ રહ્યો છે.

દેશનાં ત્રણ મોટાં શહેરોમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સની સ્થાપના કરવામાં આવી રહી છે. થોડાક મહિના પહેલાં ડિસેમ્બરમાં જ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સની મુંબઈમાં પ્રથમ બેચ પણ શરૂ થઈ ગઈ છે. નાસકોમની સાથે પણ ૨૦૧૮માં ફ્યુચર સ્કિલ્સ ઇનિશિયેટિવ શરૂ કરવામાં આવ્યું છે આ ઇનિશિયેટિવ ઊભરતી ૧૦ ટેકનોલોજીસમાં ૧૫૦થી વધુ સ્કિલ સેટની તાલીમ આપે છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં એનઈટીએફની પણ જોગવાઈ છે, જે શિક્ષણમાં ટેકનોલોજીના વધુમાં વધુ ઉપયોગ ઉપર ભાર મૂકે છે. આપણે એવું ઇચ્છીએ છીએ કે તમામ યુનિવર્સિટીઓ વિવિધ વિદ્યાશાખાઓ ધરાવતી હોય. આપણે વિદ્યાર્થીઓને સુગમતા પૂરી પાડવા માગીએ છીએ. જે રીતે આસાન પ્રવેશ અને બહાર નીકળવાની સ્થિતિ તથા એકેડેમિક ઓફ બેન્ક ક્રેડિટ બનાવીને સરળતાથી કોઈપણ સ્થળે અભ્યાસક્રમ પૂરો કરી શકાય. આ તમામ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે દેશની દરેક યુનિવર્સિટીએ સાથે મળીને, એકબીજા સાથે તાલમેલ રાખીને કામ કરવું જ પડશે.

દેશમાં જે નવી નવી સંભાવનાઓ છે, જે જે ક્ષેત્રોમાં આપણે સંભાવનાઓ ઊભી કરી શકીએ છીએ તેના માટે એક મોટો કૌશલ્ય-સમુદાય આપણી યુનિવર્સિટીઓમાં જ તૈયાર કરવાનો રહેશે. મારો આપ સૌને આગ્રહ છે કે આ દિશામાં વધુ ઝડપથી કામ કરવામાં આવે, એક નિશ્ચિત સમયની અંદર તે કામ પૂર્ણ કરવામાં આવે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના પગલે ચાલતાં દેશ ઝડપથી ગરીબ, દલિત, પીડિત, શોષિત, વંચિત તમામના જીવનમાં પરિવર્તન લાવી રહ્યો છે. બાબાસાહેબે સમાન તકોની વાત કરી હતી, સમાન અધિકારોની વાત કરી હતી. આજે દેશ જનધન ખાતાના માધ્યમથી દરેક વ્યક્તિનો આર્થિક સમાવેશ કરી રહ્યો છે. ડીબીટીના માધ્યમથી ગરીબના પૈસા તેના ખાતામાં પહોંચી રહ્યા છે. ડિજિટલ ઇકોનોમી માટે જે ભીમ યુપીઆઈ શરૂ કરવામાં આવ્યું છે. આજે તે ગરીબની ખૂબ મોટી તાકાત બન્યું છે. ડીબીટીના માધ્યમથી ગરીબના પૈસા સીધા તેના ખાતામાં પહોંચી રહ્યા છે. આજે દરેક ગરીબને ઘર મળી રહ્યું છે, વીજળીનું જોડાણ મફત મળી રહ્યું છે. એ રીતે જલ-જીવન મિશન હેઠળ ગામડાંમાં શુદ્ધ પાણી પહોંચાડવા માટે એક ભરપૂર મિશન મોડમાં કામ ચાલી રહ્યું છે. કોરોનાનું સંકટ આવ્યું તો પણ દેશ ગરીબ મજૂરને માટે સૌથી પહેલાં ઊભો રહ્યો. દુનિયાના સૌથી મોટા રસીકરણ પ્રોગ્રામમાં ગરીબ અને અમીરને આધારે કોઈ ભેદભાવ નથી, કોઈ અંતર નથી. આ જ તો બાબાસાહેબનો માર્ગ છે. એ જ તો તેમનો આદર્શ છે.

બાબાસાહેબ હંમેશા મહિલા સશક્તિકરણ ઉપર ભાર મૂકતા હતા અને તે દિશામાં તેમણે અનેક પ્રયાસ કર્યા. તેમના વિઝન પર ચાલતાં ચાલતાં દેશ આજે પોતાની દીકરીઓને નવી નવી તકો આપી રહ્યો છે. ઘર અને શાળામાં શૌચાલયથી માંડીને સેનામાં યુદ્ધની ભૂમિકાઓ સુધી દેશની દરેક નીતિના કેન્દ્રમાં આજે મહિલાઓ છે.


આ રીતે બાબાસાહેબના જીવનસંદેશને જન-જન સુધી પહોંચાડવા માટે પણ આજે દેશમાં કામ થઈ રહ્યું છે. બાબાસાહેબ સાથે જોડાયેલાં સ્થળોને પંચતીર્થ તરીકે વિકસિત કરવામાં આવી રહ્યાં છે. થોડાંક વર્ષો પહેલાં મને ડૉ. આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટરનું લોકાર્પણ કરવાની તક મળી હતી. આજે આ સેન્ટર સામાજિક અને આર્થિક વિષયો ઉપર, બાબાસાહેબના જીવન પર સંશોધનના એક કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે.

આજે આપણે આઝાદીનાં ૭૫ વર્ષની નજીક છીએ અને આગળનાં ૨૫ વર્ષનાં લક્ષ્ય આપણી સામે છે. દેશનું આ ભવિષ્ય, ભવિષ્યનાં લક્ષ્ય અને સફળતા આપણા યુવાનો સાથે જોડાયેલી છે. આપણા યુવાનો જ આ સંકલ્પો પૂરા કરશે. આપણે દેશના યુવાનોને પણ તેમના સામર્થ્ય પ્રમાણે તકો પૂરી પાડવાની છે.

મને ખાતરી છે કે આપણા સૌનો આ સામૂહિક સંકલ્પ, આપણા શિક્ષણજગતનો આ જાગૃત પ્રયાસ, નવા ભારતના આ સપનાને જરૂરથી પૂરો કરશે.

આપણો આ પ્રયાસ, આ પરિશ્રમ જ બાબાસાહેબનાં ચરણોમાં આપણી શ્રદ્ધાંજલિ બની રહેશે.

●



# સેવાયજ્ઞ



રાજકોટ મહાનગર



વલસાડ



કચ્છ




ડાંગ



ગાંધીનગર








તાપી







# સેવાયજ્ઞ



## જુનાગઢ






## વિસનગર







## વડોદરા








## આણંદ












# સેવા હી સંગઠન

## ભારતીય જનતા પાર્ટી દ્વારા કોરોના રસીકરણ અભિયાનને ગતિ આપવા કાર્યરત કરવામાં આવ્યા

# 'સહાયતા કેન્દ્રો'












# સેવાયજ્ઞ



## સુરત









## ખેડા








## કર્ણાવતી










## સાબરકાંઠા



## ગાંધીનગર





પ્રેરક શાહ




# આઝાદીના સાત દશકા બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વમાં કલમ ૩૭૦ની નાબૂદી બાદ આતંકવાદી પ્રવૃત્તિને મરણતોલ ફટકો અને વિકાસના પથ પર આગળ વધતું કાશ્મીર

**આઝાદી પછી રાજનૈતિક તથા સામાજિક સ્વાર્થે કાશ્મીરના ઇતિહાસ અને સંસ્કૃતિને એક વિપરીત દિશામાં ભટકાવી દીધા**

જમ્મુ-કાશ્મીર આઝાદી પછી રાજનીતિક જીવન તથા શાસન વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર, કૌભાંડ, ગેરકાનૂની કૃત્યો તથા આતંકવાદથી ખદબદતું રહ્યું છે, કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં સ્વસ્થ લોકતાંત્રિક વ્યવસ્થા લાગુ કરવાની પ્રક્રિયા શરૂ થઈ, આઝાદી પછી રાજનૈતિક તથા સામાજિક સ્વાર્થે કાશ્મીરના ઇતિહાસ અને સંસ્કૃતિને એક વિપરીત દિશામાં ભટકાવી દીધા, અલગાવવાદી અને આતંકવાદી પ્રવૃત્તિને એક સંસ્કૃતિની રીતે પોષવામાં આવી, કાશ્મીરની મૂળ સંસ્કૃતિને કચડીને આ સંસ્કૃતિને મોટી કરવાના પ્રયત્નો થયા. જમ્મુ-કાશ્મીરની રાજનીતિનું ચરિત્ર ઘણી રીતે રાષ્ટ્રવિરોધી દબાણોથી પ્રભાવિત રહ્યું છે, વિડંબના એ છે કે રાજ્યની જનતાને ત્યાંના રાજનેતા પોતાના આર્થિક લાભ તથા સ્વાર્થ માટે લગાતાર હિંસા, આતંકવાદ, અલગાવવાદ અને અરાજકતાની આગમાં હોમતા રહ્યા, જેને તત્કાલીન કોંગ્રેસની કેન્દ્ર સરકારથી સંરક્ષણ મળતું હતું.

**અનુચ્છેદ ૩૭૦ કલમ નાબૂદ થવાના દોઢ વર્ષની યાત્રામાં જમ્મુ-કાશ્મીરમાં શાંતિ, અમન અને વિકાસની સવાર થઈ**

અનુચ્છેદ ૩૭૦ કલમ નાબૂદ થવાના દોઢ વર્ષની યાત્રામાં જમ્મુ-કાશ્મીરમાં શાંતિ, અમન અને વિકાસની સવાર થઈ છે. સ્વાર્થી તેમજ સત્તાના લાલચું રાજનીતિક દળો માટે આ સફર એક અનિશ્ચિત સફર રહી છે. આવા મોટા તેમજ કઠોર નિર્ણયોથી સારું-ખરાબ થાય જ છે. કેટલાકને એ દુખી કરે છે તો કેટલાક એનાથી ખુશ થાય છે, કેટલાકનાં માથાં શરમથી નીચાં થઈ જાય છે તો કેટલાક ગર્વથી ઉપર ઊઠી જાય છે. જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રમાં પ્રથમ ચરિત્રનિર્માણ, વિકાસ અને ભાઈચારાના પ્રયત્નો થવા લાગ્યા છે, જમ્મુ-કાશ્મીર જ નહિ પણ સમગ્ર દેશ માટે શ્રી નરેન્દ્ર મોદીની સરકારનો આવો સાહસિક નિર્ણય એક નવા યુગની શરૂઆત સાબિત થયો છે તેમજ નવી આશાઓને સાકાર કરવાનું શક્ય બન્યું છે. જમ્મુ-કાશ્મીરમાં મનરેગા (મહાત્મા ગાંધી એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ) શરૂ થતાં રોજગારીમાં પણ વધારો



થયો છે તેમજ ૨૦૨૨ સુધીમાં કાશ્મીર વેલીને રેલવેથી કનેક્ટ કરવાનું લક્ષ્ય કેન્દ્ર સરકાર દ્વારા પ્રગતિમાં છે તદુપરાંત જમ્મુ-કાશ્મીરમાં એઈમ્સ બનવાનું પણ શરૂ થઈ ગયું છે.

**કેન્દ્ર સરકારએ આતંકવાદને જડમૂળથી ખતમ કરવાનું અભિયાન શરૂ કર્યું**

કેન્દ્ર સરકારે આતંકવાદને જડમૂળથી ખતમ કરવાનું અભિયાન શરૂ કર્યું છે. આ એક સશક્ત રાષ્ટ્રનિર્માણનું પ્રતીક છે. જમ્મુ-કાશ્મીરમાં ચારેય બાજુ ખુશી, ઉત્સાહ, વિકાસ, જીવવાની સંભાવનાઓને પાંખો લગાવવા જેવી એક રમણીય સવાર જોઈ શકાય છે. સુરમ્ય અને મનમોહક કાશ્મીરમાં સંપૂર્ણ શાંતિની લહેર વહેવા લાગી છે. તુલીપ ગાર્ડનમાં ખીલી રહેલાં ફૂલો આનો સંકેત આપી રહ્યાં છે. કેન્દ્ર સરકારના સંકલ્પ તેમજ સુરક્ષાબળોના મક્કમ મનોબળના કારણે સીમા પર આતંકવાદીઓની ઘૂસણપેઠ બહુ મુશ્કેલભરી થઈ છે. પાકિસ્તાન દ્વારા સીમાની આરપાર સુરંગો ખોદીને આતંકીઓની ઘૂસણખોરી જેવું કૃત્ય થયું પણ તે નાકામ ગયું છે.


સુરક્ષાબળોએ એક પછી એક એમ ચારેય સુરંગો શોધીને તેને બંધ કરી દીધી છે. આતંકવાદીઓના ઊતરેલા મનોબળનો અંદાજ આ વાતથી ખબર પડી જાય કે ૨૦૧૯માં ૫૫૫ આતંકી ઘટનાઓ થઈ હતી જે પાછલા વર્ષમાં ૧૪૨ ઘટનાઓ જ થઈ છે તેમજ પથ્થરબાજીની ઘટનાઓમાં લગભગ ૯૦% નો ઘટાડો આવ્યો છે જે દર્શાવે છે કે કાશ્મીરની જનતા હવે વિકાસનાં સાચાં ફળ ઝંખે છે અને અરાજક તત્ત્વોથી દૂર રહે છે. સુરક્ષાબળોના વારંવાર સર્ચ ઓપરેશનના લીધે આતંકવાદની કમર તૂટી ગઈ છે. આતંકવાદી સંગઠન સોશિયલ મીડિયા દ્વારા નવી ભરતીઓનો પ્રયાસ કરે છે અને હવે નક્સલવાદીઓ તેમજ આતંકવાદી સંગઠનોને નાબાલિક, માસૂમ બાળકો તેમજ યુવકોને આતંકવાદ જેવા કૃત્યમાં ફસાવી રહ્યા છે જે એક ચિંતાજનક સ્થિતિ છે. આવા ક્રૂર, હિંસાવાદી તથા નવી નવી લાલચભરી સ્થિતિ રચીને આતંકવાદના આધાર પર અશાંતિ, હિંસા, તેમજ જીવન નહિ પણ મોતનું તાંડવ ચલાવી રહ્યા છે. તેમના આવા ઘાતક તેમજ વિનાશભર્યા મનસૂબાને ન તો સ્થાનીય નેતા છોડી શક્યા છે, ન ત્યાંની જનતા અત્યાર સુધી સમજી શકી છે.

**કાશ્મીરમાં નવી ભરતી ના થવાથી તેમજ કેડરની કમીથી ઝઝૂમી રહેલાં આતંકી સંગઠનોને યુવાનો મદદ નથી કરતા**

એક મજબૂત રાષ્ટ્ર-નિર્માણ તરફ વધવાની સામે આતંકવાદ મોટો અવરોધ બન્યો છે. એવું કહેવાયું છે કે હજારો વર્ષો લાગે છે રાષ્ટ્રનું નિર્માણ થતાં પણ કલાકોમાં એ ધરાશાયી પણ થઈ જાય છે. એટલે જ હવે જનતાએ આવા રાષ્ટ્રવિરોધી તેમજ અશાંતિ જેવા મનસૂબાને સમજવો પડશે, કેમ કે હવે તેમનાં ષડયંત્રોનો શિકાર યુવાન નહિ પણ કિશોર પેઢી થઈ રહી છે, માસૂમ નાનાં બાળકો પણ નિશાના પર છે. કાશ્મીરમાં નવી ભરતી ના થવાથી તેમજ કેડરની કમીથી ઝઝૂમી રહેલાં આતંકી સંગઠનોને યુવાનો મદદ નથી કરતા તેથી આતંકીઓએ નાબાલિક લોકોને આતંકવાદ જેવી જાળમાં ફસાવવાનું ચાલુ કર્યું છે. બાળકો એ આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે, આપણા દેશનું ભાવિ તેમના પર નિર્ભર છે, તેમના પર નિશાન સાધવાનું કામ એ આપણી રાષ્ટ્રીયતા પર હુમલો છે. બધાં રાજનૈતિક દળોએ આવા જ્વલંત મુદ્દાઓ પર રાજનીતિ ના કરવી જોઈએ.

**નવી પેઢીએ આંતકવાદનું પોષણ અને માસૂમ લોકોના મગજ ભરવાની કાયરતાને રોકવી જ પડશે**

કાશ્મીરની પ્રજાની પણ આ જવાબદારી છે કે તેમની નવી પેઢી વધતા આતંકવાદનો સામનો કરે, આ નવી પેઢીએ આતંકવાદનું પોષણ અને માસૂમ લોકોનાં મગજ ભરવાની કાયરતાને રોકવી જ પડશે, જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ દૂર કર્યા પછી લશ્કરી અધિકારી તથા પોલીસના મહાનિરીક્ષક દ્વારા ત્યાંની પ્રજાને તેમના બાળકોને આતંકવાદી ઘટનાઓમાં સામેલ ના થવાની અપીલ થઈ છે તથા તેમના પરિવારને પણ ખૂબ સમજાવે છે. પૂર્વ વિસ્તારમાં પણ સુરક્ષાબળોએ એક અભિયાન ચલાવ્યું હતું જેમાં માતાઓએ તેમના છોકરાઓને હથિયાર મૂકીને પાછા આવવાનું કીધું હતું જેનું સકારાત્મક પરિણામ આવ્યું હતું. કેટલાય યુવાનો આતંકનો રસ્તો છોડી પાછા આવી ગયા છે તેનાથી પણ મોટું કામ કિશોરવર્ગના બાળકોને આતંકવાદી બનવાથી રોકવાનું છે. આ એક મોટો પડકાર છે, અન્યથા ચારેય બાજુ ડરામણા ચહેરાઓ, અશાંત ગલીઓ,



લોહીથી ભરેલા રસ્તાઓ, સળગતાં વાહનો, ઉત્સાહ વગરનું અશાંત અને ડરવાળું સહેમી ગયેલું હિંસાપૂર્વક ચાલતું જનજીવન દેખાશે.

**આતંકવાદીઓની સામે સુરક્ષાબળોનાં અભિયાન ઝડપથી ચાલી રહ્યાં છે**

આતંકવાદીઓની સામે સુરક્ષાબળોનાં અભિયાન ઝડપથી ચાલી રહ્યાં છે જેમાં પાછલા ૩ દિવસની અંદર તેમણે ૧૨ આતંકવાદીઓનો સફાયો કર્યો છે. જે આતંકવાદીઓએ ભારતીય સૈનિકોને શહીદ કર્યા હતા તેમને પણ મોતને ઘાટ ઉતાર્યા છે, જેમાં દુઃખદ વાત એ હતી કે મરેલા આતંકવાદીઓમાં એક ૧૪ વર્ષનો નાબાલિક પણ હતો. આપણી સેનાએ એ બાળકને આત્મસમર્પણ કરવાનું પણ બહુ જ કીધું હતું. આ બાળક ૧૦મા ધોરણનો વિદ્યાર્થી હતો, તે શોપિયા જિલ્લાના જેતપુરા ગામની એક પ્રાથમિક શાળામાં ભણતો હતો. તે એપ્રિલમાં ખોવાઈ ગયેલ હતો. જેવી આપણી સેનાને ખબર પડી કે આતંકવાદીઓની સાથે આ શાળામાં ભણતો બાળક પણ છે, તેમણે ત્યાં જ સ્થળ પર એ બાળકનાં માતા-પિતાને બોલાવીને આત્મસમર્પણ કરવાની વિનંતી તેમજ અપીલ પણ કરી. એક સમય પર એ બાળક એની માતાનો અવાજ સાંભળીને તૈયાર પણ થઈ ગયો પણ એની સાથે રહેલા આતંકવાદીઓના કમાન્ડર આસિફ શેખે ફરી એને ભડકાવવાનું ચાલુ કર્યું. આવી જ રીતે આવા બાળકોની સંખ્યા સતત વધી રહી છે, જેના લીધે આવા આતંકી સંગઠનોએ આવાં બાળકોને જ નિશાન પર લેવાનું ચાલુ રાખ્યું છે પણ હવે કેન્દ્ર સરકાર તેમજ સુરક્ષાબળોની ચોકસાઈથી એમના આવા ક્રૂર ઇરાદા સફળ નહિ થાય. આ માટે સરકારની સાથે સાથે જનતાએ પણ જાગૃત થવું પડશે.

**આતંકવાદને કાબૂમાં રાખવા કેન્દ્ર સરકાર દ્વારા આર્મી તથા પોલીસને ખુલ્લી છૂટ**

ભવિષ્યની ચેતવણી અને સમયની પરિસ્થિતિને ધ્યાનમાં લેવી એ સમજદારી બતાવે છે. તેની સાથે નવા સમયમાં વધતા આતંકવાદને કાબૂમાં રાખવા કેન્દ્ર સરકાર દ્વારા આર્મી તથા પોલીસને ખુલ્લી છૂટ આપવામાં આવી છે તથા જરૂર પડે ત્યારે સર્ચ ઓપરેશન હાથ ધરી કડક પગલાં પણ લઈ આતંકવાદીઓને ઠાર પણ કરવામાં આવે છે. સરકારના પ્રયત્નોથી જમ્મુ-કાશ્મીરમાં શુભ, વિકાસમય, સુખમય તેમજ શાંતિમય જમ્મુ-કાશ્મીરનું સપનું સાકાર થઈ રહ્યું છે.

**હવે કેન્દ્ર સરકારના પૈસા પહેલાંની જેમ આતંકવાદીઓના પોષણ માટે નહિ પણ ત્યાંના નાગરિકોની શાંતિ, વિકાસના કાર્યના ઉપયોગમાં આવી રહ્યા છે**

છેલ્લા કેટલાક સમયથી જમ્મુ-કાશ્મીરનાં પોલીસદળ, સ્થાનિક નાગરિકો અને સુરક્ષાબળોનો તાલમેલ વધી રહ્યો છે. હવે કેન્દ્ર સરકારના પૈસા પહેલાંની જેમ આતંકવાદીઓના પોષણ માટે નહિ પણ ત્યાંના નાગરિકોની શાંતિ, વિકાસના કાર્યોના ઉપયોગમાં આવી રહ્યા છે. હવે અગાઉની જેમ આતંકવાદી સંગઠનોને પોતાના સમૂહમાં સામેલ કરવા માટે લોકો તૈયાર જ નથી થતા. હવે ત્યાંના નાગરિકો આતંકના રસ્તા પર ચાલવાના પરિણામને સમજે છે અને તેમનામાં આતંકવાદની સામે જાગૃતતા વધી છે. બધાને ખબર જ છે કે આતંકવાદના રસ્તા પર ચાલવું એ મોત સમાન છે.

**જમ્મુ-કાશ્મીરની પંચાયતની ચૂંટણી અને જિલ્લા પંચાયતની ચૂંટણી ગોળીબાર વિના સંપન્ન થઈ**

આતંકવાદી સંગઠનનું સમય સમય પર હુમલા કરવાનું એક કારણ એ છે કે એ પોતાનું અસ્તિત્વ બતાવવાનો સંકેત આપે છે. આનાથી એ લોકો એ સંદેશો આપવા માંગે છે કે રાજ્યની સ્થિતિ સામાન્ય નથી પણ સાચી વાત તો એ છે કે અનુચ્છેદની કલમ ૩૭૦ હટાવ્યા પછી કેટલાક સમયની તણાવપૂર્ણ સ્થિતિ બાદ હવેની સ્થિતિ ત્યાં સામાન્ય થઈ છે, જેનું પ્રમાણ એ છે કે જમ્મુ-કાશ્મીરની પંચાયતની ચૂંટણી અને જિલ્લા પંચાયતની ચૂંટણી ગોળીબાર વિના સંપન્ન થઈ અને શાંતિપૂર્વક ૫૧% મતદાન થયું છે. પરિણામે એ પણ સાબિત થયું છે કે જમ્મુ-કાશ્મીરની પ્રજા આતંક નહિ પણ શાંતિપૂર્વકનું જીવન ઇચ્છે છે.

**સાચા અર્થમાં કાશ્મીરિયત, જમ્મુરિયત અને ઇન્સાનિયતનું રાજ્ય સ્થપાઈ રહ્યું છે**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કાશ્મીરના લોકોની જિંદગી પર અસર કરતી આતંકની કાલિમા ધીરે ધીરે દૂર થઈ રહી છે તથા સાચા અર્થમાં કાશ્મીરિયત, જમ્મુરિયત અને ઇન્સાનિયતનું રાજ્ય સ્થપાઈ રહ્યું છે.

●

# આઝાદીનાં ૭૫ વર્ષ 'અમૃત-મહોત્સવ'



## ક્રાંતીકારી દામોદર ચાફેકર

અત્યાચારી અંગ્રેજ કમિશનર વાલ્ટર ચાર્લ્સ રેન્ડને ઠાર કરનારા દામોદર હરિ ચાફેકર મહારાષ્ટ્રના પૂનાના વતની હતા. દામોદરને બચપણથી જ વ્યાયામ અને અસ્ત્ર-શસ્ત્ર ચલાવવામાં ભારે રુચિ. શિક્ષણ પૂરું કરીને તેઓ સેનામાં પ્રવેશ મેળવીને ભારતીય સૈનિકોમાં વિદ્રોહ જગાવવા માગતા હતા. એમણે બે વાર પ્રયાસ કર્યો, પણ સેનામાં પ્રવેશ ન મળ્યો. હિંમત ન હારતાં એમણે યુવકોની સેનાનું સ્વયં નિર્માણ કર્યું. તેમાં સામેલ યુવકોને શસ્ત્ર ચલાવતાં શીખવવા માંડ્યું. અંગ્રેજો સામે બળવો કરવા મન અધીરું થવા લાગ્યું.

લોકમાન્ય ટિળકે એને બળ પૂરું પાડ્યું. આ અરસામાં જ પૂનામાં પ્લેગ ફાટી નીકળ્યો. હાંલ્લામાં ધાણી ફૂટે એમ ટપોટપ લોકો મરવા માંડ્યા. અંગ્રેજ સરકારે રોગીઓની સારવાર માટે કોઈ પગલાં તો ન લીધાં, ઊલટાનું તેમના દાઝયા શરીર ઉપર ડામ દેવા જેવું કર્યું. પ્લેગના જંતુનો નાશ કરવાના બહાને કેટલાય લોકોનાં ઘર સળગાવી દેવામાં આવ્યાં. રોગી લોકો બેઘર બન્યા. સારવાર તો એક બાજુ રહી, આ અત્યાચારનું મૂળ પૂનાનો ક્રૂર કમિશનર રેન્ડ હતો. હદ તો ત્યારે થઈ કે લોકો આ ભયંકર રોગને કારણે પાયમાલ થઈ રહ્યા હતા ત્યારે અંગ્રેજ સરકાર તરફથી મહારાણી વિક્ટોરિયાના રાજ્યારોહણના હીરક મહોત્સવની તડામાર તૈયારી થઈ રહી હતી.

૨૨ જૂન, ૧૯૯૭ના રોજ આ મહોત્સવ રંગેચંગે મનાવવાનો હતો. દામોદરે આ દિવસે જ રેન્ડને ખતમ કરીને પ્લેગમાં માર્યા ગયેલા લોકોનો બદલો લેવા નિર્ણય કર્યો. તે દિવસે રેન્ડ ગવર્નમેન્ટ હાઉસ પર હશે તેમ માની તેઓ બપોર થતાં ત્યાં પહોંચી ગયા. પણ રેન્ડ ત્યાં નહોતો. ત્યાંથી તેઓ સેંટ મેરી ચર્ચ પર ગયા. રેન્ડ ત્યાં હતો, પરંતુ અહીં ભીડમાં તેને મારવા જતાં નિર્દોષ લોકો પણ ઝપટમાં આવી જશે એમ માની એમણે બળપૂર્વક અધીરાઈ પર કાબૂ મેળવ્યો. રાત્રે ગવર્નમેન્ટ હાઉસમાં જવા નીકળ્યો ત્યારે તેની હત્યા કરવામાં દામોદરને સફળતા ન મળી. રેન્ડની બગીની આસપાસ એ વખતે અનેક બગીઓ હતી, પરંતુ કાર્યક્રમ પૂરો કરીને રેન્ડ રાતના બાર અને દસ મિનિટે પાછો ફરી રહ્યો હતો ત્યારે એમણે રેન્ડને ન છોડ્યો.

નિર્ધારિત યોજના મુજબ નાના ભાઈ બાલકૃષ્ણે સાંકેતિક ભાષામાં 'નારયા' 'નારયા' કહ્યું કે વૃક્ષ પાછળ સંતાયેલા દામોદર નિર્જન વિસ્તારમાંથી પસાર થઈ રહેલી રેન્ડની બગીના પાછળના પગથિયા પર ચડી ગયા. પડદો ઊંચો કરીને પૂરી સાવધાનીથી તેમણે ગોળી છોડી. રેન્ડ ત્યાં જ ઢળી પડ્યો. એની બીજી જ ક્ષણે નાના ભાઈ બાલકૃષ્ણે અંગ્રેજ અધિકારી આયરિસ્ટને ઠાર કર્યો. લક્ષ્ય હાંસલ કરી બેઉ ભાઈ ફરાર થઈ ગયા. બે મહિના પછી દેશદ્રોહી દ્રવિડબંધુની બાતમીને કારણે દામોદર પકડાયા. તેમના પર મુકદ્દમો ચલાવીને ૧૮ એપ્રિલ, ૧૮૮૮ના રોજ તેમને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે ૯૦૦ બેડની નવનિર્મિત હોસ્પિટલની મુલાકાત વખતની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.